નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :27 JUNE 2024 | THURSDAY | Page :15 | Year : 2 | Issue :77 | Price: 2/-





ગુજરાતમાં આજથી ચાર દિવસ વરસાદ ધડબડાટી બોલાવશે

જુઓ પેજ નં.૦૩

# ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીની તબિયત લથડી, દિલ્હીના AIIMSમાં એડમિટ

સામના મિરર, સંવાદદાતા

ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ ઉપ વડાપ્રધાનમંત્રી લાલકૃષ્ણ અડવાણીની તબિયત બગડતાં તેમને દિલ્હીના અઈઈંખજ હોસ્પિટલમાં ભરતી કરાવવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર તેમને ઉંમર સંબંધિત સાસ્યાઓને કારણે હોસ્પિટલમાં એડમિટ કરાવવામાં આવ્યા છે. તેમને AIIMS ના જિરિયાટ્રિક ડિપાર્ટમેન્ટ (વૃધ્ધોની સારવારનો વિભાગ) ડોક્ટરની દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે. જોકે ૯૬ વર્ષીય લાલકૃષ્ણ અડવાણી ઉંમર સંબંધિત સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. એટલા માટે તેમનું સમયાંતરે ઘરે જ ચેકઅપ કરવામાં આવે છે. બુધવારે મોડી સાંજે તેમને થોડી સમસ્યા અનુભવાતા તેમને તાત્કાલિક અઈઈંખજ માં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને પોતાની દેખરેખમાં દાખલ કર્યા હતા.



## કોણ છે એલ કે અડવાણી?

* ૮, નવેમ્બર ૧૯૨૭ના દિને અખંડ ભારતનાં સિંધમાં તેઓનો જન્મ થયો હતો. તેઓનો શાળાકીય અભ્યાસ કરાંચીની સેન્ટ પેટ્રિક સ્કૂલમાં થયો હતો. અહીં જ માત્ર ૧૪ વર્ષની વયથી તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં જોડાયા હતા.
* ૧૯૪૭માં ભારતના ભાગલા થયા તે પૂર્વે જ કેટલાક દિવસોએ અડવાણી કુટુંબ દિલ્હીમાં જઈ વસ્તું હતું.
* ૧૯૫૧માં તેઓ ભાજપના પૂરોગામી પક્ષ જનસંઘમાં જોડાયા હતા. જન સંઘની તે સમેય ડો. શ્યામા પ્રસાદ મુખર્જીએ જ સ્થાપના કરી હતી. અડવાણી તેઓને મળ્યા પણ હતા. સાથે રાજકારણમાં પ્રવેશ્યા.
* ૧૯૭૦માં તેઓ રાજ્યસભાના સભ્ય પદે ચૂંટાયા જ્યાં તેઓ ૧૯૮૯સુધી રહ્યા હતા.
* ડિસેમ્બર ૧૯૭૨માં તેઓ ભારતીય જનસંઘના પ્રમુખપદે ચૂંટાયા.
* કટોકટી સમયે અડવાણી અને અટલ બિહારી વાજપેયી બેંગલુરૂમાં હતા, જ્યાં તેમની ધરપકડ કરાઈ હતી.
*મોરારજી દેસાઈની જનતા પાર્ટીની સરકાર રચાઈ તેમાં અડવાણીને માહિતી અને પ્રસારણ વિભાગના મંત્રી બનાવાયા.
* ૧૯૮૦માં ભાજપાની સ્થાપનામાં તેઓએ અટલ બિહારી વાજપેયી રહી મહત્ત્વનું પ્રદાન કર્યું હતું.
* અયોધ્યામાં રામ મંદિર સ્થાપના માટે ૧૯૯૦ના દાયકામાં શરૂ થયેલાં આંદોલનમાં તેઓએ અગ્રીમ ભૂમિકા ભજવી.
* તેઓ ભાજપાના પ્રમુખ પદે૧૯૮૬-૯૦, ૧૯૯૩થી '૯૮, અને ૨૦૦૪, ૨૦૦૫ દરમિયાન ૩ વખત ચૂંટાઈ આવ્યા

# નવી સરકારના પ્રથમ ટેસ્ટમાં NDA પાસ

# લોકસભાના સ્પીકર પદે ચૂંટાતા ઓમ બિરલા

## ■ વડાપ્રધાન નરેન્દ્ર મોદી-વિપક્ષી નેતા રાહુલ ગાંધી અધ્યક્ષને આસન સુધી લઇ ગયા

નવી દિલ્હી, તા.૨૬

કેન્દ્રમાં નવી સરકારની રચના બાદ શાસક અને વિપક્ષ વચ્ચેના પ્રથમ રાજકીય ટકરાવમાં એનડીએનો વિજય થયો છે. લોકસભાના અધ્યક્ષ તરીકે સતત બીજી ટર્મમાં ઓમ બીરલા ચૂંટાયા હતા. પરિણામ જાહેર થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા વિપક્ષી નેતા રાહુલ ગાંધી નવનિયુક્ત અધ્યક્ષને તેમના આસન સુધી દોરી ગયા હતા.



લોકસભાની આજે કાર્યવાહી શરૂ થવાની સાથે જ અધ્યક્ષ પદની ચૂંટણીનો એજન્ડા હાથ પર લેવામાં આવ્યો હતો. નાયબ સ્પીકર પદ વિપક્ષને આપવાના ઈન્કારને પગલે વિરોધ પક્ષ એવા ઈન્ડીયા ગઠબંધને અધ્યક્ષ પદ માટે પણ ઉમેદવાર ઉભો રાખવાનો નિર્ણય લીધો હતો અને તે અંતર્ગત વિપક્ષી ઉમેદવાર તરીકે કે. સુરેશનું ફોર્મ ભરાવવામાં આવ્યું હતું.

સત્તાધારી એનડીએએ દ્વારા ઓમ બીરલાને ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા. શાસક એનડીએએ મોરચા પાસે ૨૯૩ સાંસદોનું સમર્થન હોવાથી ઓમ બીરલાની જીત નિશ્ચિત ગણવામાં આવતી હતી છતાં ક્રોસ વોટીંગના આશાવાદ હેઠળ અને સરકારને પડકાર ફેંકવાના આશયથી અધ્યક્ષ પદ માટે વિપક્ષે ઉમેદવાર ઉભા રાખ્યા હતા. લોકસભાની કાર્યવાહી શરૂ થતાંની સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અધ્યક્ષ પદ માટે ઓમ બીરલાના નામની દરખાસ્ત મુકી હતી. જ્યારે કે. સુરેશના નામની દરખાસ્ત શિવસેનાના સાંસદ અરવિંદ સાવંત દ્વારા મુકવામાં આવી હતી.

ધ્વનિ મતથી ચૂંટણી યોજવામાં આવી હતી કોંગ્રેસે વિપક્ષે મતવિભાજન માટે કોઇ માંગણી ન કરતાં ધ્વનિ મતના આધારે જ ઓમ બીરલાને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

લોકસભાના અધ્યક્ષ પદે ઓમ બીરલા ચૂંટાયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા વિપક્ષી નેતા રાહુલ ગાંધી તેઓને અધ્યક્ષના આસન સુધી લઇ ગયા હતા અને અધ્યક્ષ પદે ચૂંટાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે સતત બીજી વખત અધ્યક્ષ પદે બિરાજમાન થયા છો જે ગૃહ માટે ગૌરવની વાત છે. સમગ્ર ગૃહ વતી તમને અભિનંદન પાઠવું છું.

અમને વિશ્વાસ છે કે આવનારા પાંચ વર્ષ તમે સૌનું માર્ગદર્શન કરશો. શાસ્ત્રોમાં કહેવાયું છે કે વિનમ્ર અને વ્યવહાર કુશળ વ્યકિત હંમેશા સફળ થાય છે.



તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# ડ્રગ્સના દૂષણ



ગુજરાતના યુવાનોમાં છેલ્લા કેટલાક સમયથી ડ્રગ્સના દૂષણમાં ચિંતાજનક રીતે વધારો જોવા મળ્યો છે. છેલ્લા ચાર વર્ષમાં રાજ્યમાંથી રૂપિયા ૯૬૦૦ કરોડની કિંમતનું ૮૭ ટન ડ્રગ્સ ઝડપાયેલું છે. ડ્રગ્સના વધતા દૂષણને પગલે તેનાથી મૃત્યુ થવાના પ્રમાણમાં પણ વધારો થયો છે. છેલ્લા ૧૦ વર્ષમાં ડ્રગ્સ-દારૂના દુરૂપયોગથી ૭૧૧ વ્યક્તિએ જીવન ટૂંકાવ્યું છે જ્યારે ડ્રગ્સના ઓવરડોઝથી ૩૭૧ વ્યક્તિના મૃત્યુ થયા છે. આવતીકાલે 'ઇન્ટરનેશનલ ડ્રગ્સ એબ્યુઝ એન્ડ ઈલીસીન્ટ ટ્રાફિકિંગ ડે' છે ત્યારે ડ્રગ્સનું વધી રહેલું દૂષણ ચિંતાનો વિષય છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (એનસીઆરબી)ના અહેવાલ અનુસાર વર્ષ ૨૦૧૩થી ૨૦૨૨ દરમિયાન ડ્રગ્સના દુરૂપયોગથી ગુજરાતમાં ૬૪૫ પુરૂષ-૬૬ મહિલા એમ કુલ ૭૧૧ના મૃત્યુ થયા છે. જેમાં વર્ષ ૨૦૨૨માં ૯૧ પુરૂષ અને ૩ મહિલાનો સમાવેશ થાય છે. ડ્રગ્સના દુરૂપયોગથી સૌથી વધુ મૃત્યુ વર્ષ ૨૦૨૨માં સૌથી વધુ મૃત્યુ થયા હોય તેમાં મહારાષ્ટ્ર ૩૦૭૩ સાથે મોખરે છે. સમગ્ર દેશમાં ૧૧૬૩૪ વ્યક્તિએ ડ્રગ્સની આદતને કારણે જીવન ટૂંકાવ્યું છે. જેમાં ૧૧૩૯૪ પુરૂષ-૨૩૯ મહિલા અને એક ટ્રાન્સજેન્ડરનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૨૨માં ગુજરાતમાંથી ડ્રગ્સને કારણે જીવન ટૂંકાવ્યું હોય તેમાં અમદાવાદ મોખરે છે. અમદાવાદમાંથી ૨૫, સુરતમાંથી ૫ જ્યારે વડોદરામાંથી ૧ વ્યક્તિએ ડ્રગ્સને કારણે આત્મહત્યા કરી હતી. મોટા શહેરમાંથી ડ્રગ્સને કારણે સૌથી વધુએ આત્મહત્યા કરી હોય તેમાં બેંગાલુરુ ૨૦૫ સાથે મોખરે છે.

વર્ષ ૨૦૨૨માં ડ્રગ્સના ઓવરડોઝને કારણે ૧૧ વ્યક્તિના મૃત્યુ થયા હતા. સમગ્ર દેશમાંથી ૬૮૧ વ્યક્તિનું ડ્રગ્સના ઓવરડોઝથી મૃત્યુ થયું હતું. વર્ષ ૨૦૨૧માં ગુજરાતમાંથી ૧૨૭ વ્યક્તિએ ડ્રગ્સને કારણે આત્મહત્યા કરી હતી. જેમાં ૧૧૭ પુરૂષ અને ૧૦ મહિલાનો સમાવેશ થાય છે. અમદાવાદમાંથી ૩૩ પુરૂષ-બે મહિલાએ ડ્રગ્સને કારણે જીવન ટૂંકાવ્યું હતું.

બીજી તરફ વર્ષ ૨૦૨૦માં ગુજરાતમાંથી ૭૭ અને અમદાવાદમાંથી ૧૭ વ્યક્તિએ આત્મહત્યા કરી હતી. આમ, ૩ વર્ષમાં અમદાવાદમાંથી ડ્રગ્સ-દારૂની લતને કારણે ૭૨ વ્યક્તિએ પોતાનું જીવન ટૂંકાવ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર અમદાવાદની એક ખાનગી હોસ્પિટલના ડ્રગ્સ ડિએડિક્શન સેન્ટરમાં સારવાર લઇ રહેલા મોટાભાગના દર્દીઓ ૧૮થી ૨૪ની વયજૂથના છે. રાજ્યસભામાં રજૂ કરવામાં આવેલા અહેવાલ અનુસાર ગુજરાતમાંથી ૨.૩ ટકા લોકો કોઇને કોઇ નશાનું સેવન કરે છે. ગુજરાતમાં ડ્રગ્સના સેવન બદલ ૩ વર્ષમાં ૫૨૮ની ધરપકડ થઇ છે. જેમાં વર્ષ ૨૦૨૦માં ૧૧૭, વર્ષ ૨૦૨૧માં ૨૦૦ અને વર્ષ ૨૦૨૨માં ૨૧૧ની ધરપકડ કરાઇ હતી. એનડીપીએસ એક્ટ હેઠળ વર્ષ ૨૦૨૦માં ૧, ૨૦૨૧માં ૨ અને ૨૦૨૨માં ૩એમ ૧૮થી ઓછી વયના બાળકોની જ્યારે ૨૦૨૦માં ૧૯, ૨૦૨૧માં ૨૮ અને ૨૦૨૨માં ૩૨ મહિલાની ધરપકડ થઇ હતી. આ ઉપરાંત ડ્રગ્સની હેરાફરી કરવા બદલ વર્ષ ૨૦૨૦માં ૩૪૩, વર્ષ૨૦૨૧માં ૪૭૯ અને વર્ષ ૨૦૨૨માં ૫૨૮ એમ કુલ ૧૩૫૦ની ધરપકડ થયેલી છે. નશીલી દવાઓની સમસ્યા દુનિયાભરમાં લાખો લોકોને અસર કરે છે.આંકડા અનુસાર નશીલી દવાઓના સેવનની લત મહિલાઓમાં ઝડપથી વધી રહી છે. દર વર્ષે ૨૬ જુને વિશ્વ ડ્રગ નિષેધ દિવસ ઉજવવામાં આવે છે.આ તકે ઓસ્ટ્રીયાનાં વિએનામાં આવેલ યુએનઓડીએ (યુનાઈટેડ નેશન્સ ઓફીસ ઓન ડ્રગ્સ એન્ડ ક્રાઈમ) વિશ્વ ડ્રગ રિપોર્ટ જાહેર કરે છે. દર ૧૭ માંથી એક વ્યકિત ડ્રગ્સનો વ્યસની વિશ્વ ટેગ રિપોર્ટ અનુસાર દુનિયાભરમાં નશીલા પદાર્થોનો ઉપયોગ સતત વધી રહ્યો છે.૨૦૨૧ માં દુનિયાભરમાં ૧૫ થી ૬૪ વર્ષની વય વર્ગમાં દર ૧૭ માંથી એક વ્યકિતએ છેલ્લા ૧૨ મહિનામાં નશીલા પદાર્થોનો ઉપયોગ કર્યો હતો.

# 130 ધંધાર્થી પાસેથી 22 કિલો પ્લાસ્ટિક જપ્ત 40 હજારનો દંડ



રાજકોટ, તા.૨૭

મનપા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક સામે ચલાવવામાં આવતી ઝુંબેશ વચ્ચે ગઇકાલે ત્રણે ઝોનમાંથી ૧૩૦ ધંધાર્થી પાસેથી વધુ ૨૨ કિલો પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું હતું. તો ગંદકી કરતા આસામીઓ પાસેથી ૪૦ હજારનો વહીવટી ચાર્જ વસુલાયો હતો.

સેન્ટ્રલ ઝોનમાં ૪૯ આસામી પાસેથી પાંચ કિલો ઝબલા અને પ્લાસ્ટિક પકડી રૂા.૧૧ હજાર, વેસ્ટ ઝોનમાં ૫૦ આસામી પાસેથી ૧૬ કિલો પ્લાસ્ટિક પકડી રૂા. ૧૯ હજાર અને ઇસ્ટ ઝોનમાંથી સવા કિલો પ્લાસ્ટિક પકડી આસામીઓ પાસેથી રૂા. ૧૦ હજારનો વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો હતો. કમિશ્નર દેવાંગ દેસાઇની સૂચનાથી ડે.કમિશ્નર પર્યાવરણ વિભાગની ટીમ આ કામગીરી કરી રહી છે.

### બિગબજારની સામે સિલ્વર સ્ટોન મેઈન રોડ પર આવેલ

# ઓરનેટ-વન બિલ્ડીંગમાંથી લોખંડનું ઢાંકણું અને જાળી ચોરનાર તસ્કર સકંજામાં

### બે દિવસ પહેલા બિલ્ડીંગમાં જ કામ કરતા શખ્સે ચોરી કર્યાનું સીસીટીવીમાં સામે આવતા ક્રાઈમ બ્રાંચે તસ્કરને દબોચી લીધો તમામ મુદામાલ જપ્ત

રાજકોટ તા.૨૭

બિગબજારની સામે સિલ્વર સ્ટોન મેઈન રોડ પર આવેલ ઓરનેટ-વન બિલ્ડીંગમાંથી લોખંડનું ઢાંકણુ અને જાળી ચોરનાર તસ્કરને ક્રાઈમ બ્રાંચે સકંજામાં લઈ પુછતાછ હાથ ધરી હતી. તપાસમાં તે જ બિલ્ડીંગમાં કામ કરતો શખ્સે જ ચોરી કર્યાનું સામે આવ્યુ હતું. બનાવ અંગે રૈયાધારમાં સ્લમ કવાર્ટરમાં રહેતા હાર્દિકભાઈ હરીભાઈ પરમાર (ઉ.૨૨) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓ બીગબજારની સામે સિલ્વરસ્ટોન મેઈન રોડ પર આવેલ ઓરનેટ-વન નામની બિલ્ડીંગમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. ગઈ તા.૨૪ના તેઓ ઓરનેટ નામની બિલ્ડીંગમાં હાજર હતા ત્યારે લોકોને બિલ્ડીંગના સીક્યુરીટી ગાર્ડ ગગનભાઈ વિશ્વકર્માએ તેમને કહેલ કે બિલ્ડીંગના બેઝમેન્ટમાં આવેલ ટાંકી પરનું લોખંડનું ચોરસ ઢાંકણું અને તેની બાજુમાં આવેલ લોખંડની બે જાળી કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો હોવાની વાત કરી હતી.

બાદમાં તેઓએ બિલ્ડીંગમાં લાગેલ સીસીટીવી કેમેરા ચેક કરતા તેમાં ગત તા.૨૧ના સવારના સમયે કોઈ અજાણ્યો શખ્સ લોખંડનું ઢાંકણુ અને લોખંડની બે જાળી ચોરી કરી જતો હોવાનું સામે આવ્યું હતું. બાદમાં તે અંગે આસપાસમાં તપાસ કરતા કોઈ જાણ ન મળતા કોઈ અજાણ્યો શખ્સ રૂા.૯૬૦૦નો મુદામાલ ચોરી કરી નાસી છુટયાની ફરિયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરિયાદ પરથી માલવીયાનગર પોલીસે ગુન્હો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તસ્કરની શોધખોળ હાથ ધરી હતી. દરમ્યાન તપાસમાં ક્રાઈમ બ્રાંચે ઝંપલાવી સીસીટીવી ફુટેજના આધારે તસ્કરને પકડી પાડી તમામ મુદામાલ કબ્જે કર્યો હતો. પોલીસ સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે ચોરી કરનાર તે જ બિલ્ડીંગમાં નોકરી કરતો હતો. વધુ તપાસ પોલીસે યથાવત રાખી છે.

## પટેલ પાર્ક સોસાયટીના યુવકનું બીમારી સબબ મોત

રાજકોટઃ શહેરનાં પટેલ પાર્ક સોસાયટીના યુવકનું બીમારી સબબ મોત નિપજ્યું હતું. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છ્વાઈ ગઈ છે. પ્રાપ્ત વિગત મુજબ નિમેષભાઈ અરજણભાઈ રામોલિયા (ઉ.વ.૨૪, રહે. શ્યામ પાર્ક પાસે પટેલ પાર્ક સોસાયટી) નામનો યુવક ગઈ કાલ રાત્રિના અગ્યારેક વાગ્યાની આસપાસ પોતાનાં ઘરે બીમારી સબબ બેભાન થઈ જતાં તાકિદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર કારગત નીવડે તે પહેલા દમ તોડી દિધો હતો. મૃતકને ૧૨ વર્ષથી બંને કિડની ફેલ હોય જેની સારવાર શરૂ હતી. તેના પિતા ખેતીકામ કરે છે. યુવક એક ભાઈ અને એક બહેનમાં નાનો હોવાનુ મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું.

## જેલના કેદીનું સારવાર દરમિયાન મોત

ઈરફાન અબ્બાસ પટણી (ઉ.વ.૪૮) છેલ્લા અઢી વર્ષથી રાજકોટ સેન્ટ્રલ જેલમાં કાચા કામના કેદી તરીકે રહેતો હતો. તે રાજકોટનો નામચીન ડ્રગ્સ પેડલર હતો. ગઈકાલે તે જેલમાં પોતાની બેરેકમાં હતો ત્યારે તેને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. આસપાસના કેદીઓને જાણ થતાં જેલ સિપાઈ અને જેલના અધિકારીઓ દોડી ગયા હતા. તેને તુરંત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અહીં ટૂંકી સારવારમાં જ તેણે દમ તોડી દેતા મોત નીપજ્યું હતું. તે રાજકોટના ઘાંચીવાડ વિસ્તારમાં રહેતો હતો. ૨ ભાઈ અને ૨ બહેનમાં મોટો હતો. સંતાનમાં ૨ દીકરા અને ૧ દીકરી છે. હાલ પ્રધ્યુમનનગર પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી મોતનું સાચું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

# વ્યાજખોરો સામે ફરીવાર પોલીસ મેદાને હેમુગઢવી હોલમાં શુક્રવારે જનસંપર્ક સભા



## સાંજના ચારથી પાંચ વ્યાજખોરોનો ભોગ બનનાર અરજદારોની અરજી સ્વીકારવામાં આવશે પાંચ વાગ્યે પોલીસ કમિશ્નર અરજદારોને રૂબરૂ સાંભળશે નાગરિકોને સભામાં ભાગ લેવા અનુરોધ




રાજકોટ,તા.૨૭

શહેરમાં વ્યાજકંદ વાદની બદી દુર કરવા માટે શહેર પોલીસ ફરીવાર મેદાને આવી છે અને આવતી તા.૨૮ના સાંજના ચાર વાગ્યે હેમુ ગઢવી હોલ ખાતે પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાની અધ્યક્ષતામાં એક જનસંપર્ક સભાનું આયોજન કરવામાં આવેલ છે જેમાં વ્યાજખોરોનો ભોગ બનનાર તેમજ શહેરીજનોએ ભાગ લેવા પોલીસ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

રાજય પોલીસ વડાએ તા.૨૧થી૩૧ સુધી વ્યાજખોરી વિરુદ્ધ સ્પેશ્યલ ડ્રાઈવનું આયોજન કરવાની આપેલ સૂચના અંતર્ગત શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાના માર્ગદર્શન હેઠળ તા.૨૮-૬ના હેમુ ગઢવી હોલમાં સાંજના ચાર વાગ્યે જનસંપર્ક સભાનું આયોજન કરવામાં આવેલ છે જેમાં એડી.પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, ડીસીપી સજ્જનસિંહ પરમાર, ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહીલ, ડીસીપી જગદીશ બાંગરવા, ડીસીપી ટ્રાફિક પુજા યાદવ તેમજ શહેરના તમામ એસીપી અને તમામ પોલીસ મથકના પીઆઈ સહિતનો પોલીસ કાફલો હાજર રહેશે જેમાં ભોગ બનનાર અરજદારની અરજીનો હેમુ ગઢવી હોલ ખાતે જ તે વિસ્તારના પોલીસ સ્ટેશનના અધિકારી દ્વારા જ સ્વીકાર કરવામાં આવશે. જનસંપર્ક સભામાં વ્યાજંકવાદને લગતી સમસ્યાઓનું નિરાકરણ તેમજ બદીથી લોકોનો મુક્ત કરવા આયોજન કરવામાં આવેલ છે. શહેરમાં રહેતા ઘણા નાગરીકો આર્થિક તંગીને કારણે ગેરકાયદેસર વ્યાજવટાવનો ધંધો કરતા શખ્સો પાસેથી વ્યાજે રૂપિયા લેતા હોય છે અને વ્યાજખોરો ઉંચુ વ્યાજ પડાવતા હોય છે. અરજદારો મુદલ રકમ કરતા પણ ઘણી વધુ રકમ ચુકવવા છતા લોકો પાસે પઠાણી ઉઘરાણી કરવામાં આવતી હોય છે જેના પરિણામે ઘણા પરિવારો પાયમાલ થઈ ગયા છે.જેથી એક વ્યક્તિને નહી પરંતુ પુરા પરિવારને બાબત અસર કરતી હોય છે જેથી આવી ગેરકાયદેસર પ્રવૃતિ સદંતર બંધ કરવા જનસંપર્ક સભાનું આયોજન કરવામાં આવેલ છે. વ્યાજકંદને લગતી કોઈપણ પ્રકારની તકલીફ કે ફરિયાદ હોય તો લોકો નિર્ભયપણે પોતાની રજુઆત કરી શકશે.

તેમજ અગાઉ પોલીસ સ્ટેશનમાં અથવા પોલીસ કમિશ્નરની કચેરીએ અરજી કરેલ હોય તેમાં પોલીસે કરેલ કાર્યવાહીથી સંતુષ્ટ ન હોય તેવા નાગરિકો પણ નિર્ભયપણે પોતાની રજુઆત કરી શકશે જે બાબતનો સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવશે. જનસંપર્ક સભા તા.૨૮ના સાંજના ૪થી૫ અરજદારોની અરજીઓ લેવામાં આવશે ત્યારબાદ પાંચ વાગ્યે પોલીસ કમિશ્નર પોતે અરજદારોને રૂબરૂ સાંભળશે.

### વરસાદની આગાહીના પગલે કલેકટર તંત્ર એલર્ટ

# ડીઝાસ્ટર વિભાગમાં ચાર નાયબ મામલતદારોને સોંપાતી વધારાની કામગીરી

રાજકોટ,તા.૨૭

નૈઋત્યના ચોમાસાનો પ્રારંભ થયા બાદ રાજકોટમાં અત્યાર સુધીમાં બે ઇંચ જેટલો વરસાદ પડી જવા પામેલ છે. તેની સાથોસાથ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી મારી દીધી છે. જે બાદ હવે હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહી કરવામાં આવી હોય કલેકટર તંત્ર એલર્ટ બની જવા પામેલ છે.



કલેકટર કચેરીના ડીઝાસ્ટર વિભાગમાં ભારે વરસાદની આગાહીના પગલે જિલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા ચાર જેટલા નાયબ મામલતદારોને વધારાની કામગીરી સોંપી દેવામાં આવી છે. તેની સાથોસાથ જિલ્લાના તમામ તાલુકાના મામલતદારોને સાવચેત કરી દેવામાં આવેલ છે. મામલતદારો-ડે. કલેકટરોને હેડ કવાર્ટર નહીં છોડવા માટે તાકીદ કરી દેવામાં આવી છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે, રાજય સરકાર દ્વારા અગાઉ રાજકોટ જિલ્લા માટે એનડીઆરએફની એક ટીમ ફાળવી દેવામાં આવી હતી. આ ટીમ રાહત-બચાવના સાધનો સાથે રાજકોટમાં પડાવ નાખી દીધો છે. ભારે વરસાદની આગાહીના પગલે રાજકોટ શહેર-જિલ્લામાં કલેકટર તંત્ર દ્વારા તમામ રેવન્યુ અધિકારીઓને એલર્ટ કરી દેતા તંત્ર એકશન મોડમાં આવી જવા પામેલ છે. જેમાં કલેકટર કચેરીના ડીઝાસ્ટર વિભાગમાં ચાર નાયબ મામલતદારોને વધારાની કામગીરી સોંપાતા ડીઝાસ્ટર વિભાગ ધમધમતો બન્યો છે.

# એસ.ટી.ની ઓનલાઈન સેવામાં શું-શું વધારો કરી શકાય? નિગમે લોકોના પ્રતિભાવો માંગ્યા

■ તા.૧ જુલાઈ સુધી લોકો પાસેથી ઓનલાઈન પોતાનાં વિચારો મંગાવાયા

રાજકોટ,તા.૨૭

સમયની સાથો-સાથ એસ.ટી નિગમ પણ છેલ્લા કેટલાંક વર્ષોથી કદમ મિલાવી રહ્યું છે. અને અસંખ્ય નવા વાહનો સાથે ઓનલાઈન સેવામાં પણ જોડાયું છે.ત્યારે હાલની જુદી-જુદી ઓનલાઈન સેવામાં કેવો વધારો કરી શકાય તે અંગે એસ.ટી.નિગમો ગુજરાતની જનતાનાં પ્રતિભાવો લેવાનું નકકી કર્યુ છે. અને રાજયની જનતાએ તેના પ્રતિભાવો ઓનલાઈન મોકલવા અનુરોધ કરાયો છે.આ અંગે એસ.ટી.નિગમે સત્તાવાર રીતે જાહેર કર્યુ છે કે ગુજરાત રાજયમાર્ગ વાહન વ્યવહાર નિગમની હાલની આઈ.ટી.સંલગ્ન બાબતો જેવી કે ઓનલાઈન બુકીંગ, ટીકીટીંગ સોલ્યુશન,વ્હીકલ ટ્રેકીંગ, વેબસાઈટ, મોબાઈલ એપ્લીકેશન વગેરે વધુ અસરકારક અને સુવિધાયુકત બને તે માટે મુસાફર જનતાના અમુલ્ય પ્રતિસાદ મેળવવા માટે નિગમની વેબસાઈટ ઉપર ઈ-ગવર્નન્સ સંદર્ભે યાત્રી પ્રતિભાવ ફોર્મ મુકવામાં આવેલ છે. જે તા.૨૪/૬ થી તા.૦૧/૦૭ સુધી ખુલ્લુ રહેશે. જેમાં ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કરી મુસાફરલક્ષી સેવાઓ વધુ સુદ્રઢ અસરકારક અને સુવિધાયુકત બનાવી શકાય તે માટે મુસાફરીના અનુભવને આધિન વિવેકપૂર્ણ સ્પષ્ટ અને અમુલ્ય પ્રતિસાદ આપવા જાહેર મુસાફર જનતાને અપીલ કરાઈ છે.

# ગુજરાતમાં આજથી ચાર દિવસ વરસાદ ધડબડાટી બોલાવશે



## રાજ્યભરમાં ૨૮ જૂનથી ૫ જુલાઈ સુધી ભારેથી અતિભારે વરસાદ થવાની શક્યતાઃ યલો એલર્ટ પણ જાહેર

રાજકોટ.તા.૨૭

રાજ્યમાં વિધિવત ચોમાસું બેસી ગયું છે ત્યારે ગત ૨૪ કલાકમાં રાજ્યના અલગ અલગ કુલ ૧૨૨ તાલુકામાં મેઘરાજાની સવારીનું આગમન થયું છે. જેમાં સૌથી વધુ ૪ ઇંચ જેટલો વરસાદ જુનાગઢના વીસાદરમાં નોંધાયો છે. આજે જુનાગઢમાં ૧૦૯ મીમી જ્યારે કચ્છમાં ૯૭ મીમી વરસાદ હવામાન વિભાગના ચોપડે નોંધાયો છે. જ્યારે બનાસકાંઠા ૬૪ મીમી, પાટણ ૬૦ મીમી, નવસારી ૪૪ મીમી, ભરૂચ ૪૩ મીમી, વડોદરા ૪૮ મીમી, જામનગર ૫૫ મીમી, દેવભૂમિ દ્વારકા ૩૫ મીમી વરસાદ નોંધાયો છે. જ્યારે મોરબી, સુરેંદ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી, સાબરકાંઠા, ગીર સોમનાથમાં સૌથી ઓછો એટલે કે ૧૦ મીમીથી ઓછો વરસાદ નોંધાયો છે.

તો બીજી તરફ હવામાન વિભાગે આગામી ૨૭ જૂનથી ૩૦ જૂન સુધી એટલે કે ૪ દિવસ માટે વરસાદને લઈને આગાહી કરી છે. જેમાં ગુજરાતમાં મોટાભાગના જિલ્લાઓમાં હવળાથી મધ્યમ વરસાદની આગાહી કરાવામાં આવી છે. જ્યારે રાજ્યના ૬ જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. પંચમહાલ અને વડોદરામાં અતિભારે વરસાદની આગાહી સાથે આ બંને જિલ્લાઓમાં ઓરેન્જ અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન વિભાગે ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ પણ જાહેર કર્યું છે. આ ઉપરાંત અમદાવાદ અને ગાંધીનગરમાં મધ્યમ વરસાદ વરસશે. તો સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી ૪ દિવસ રાજ્યભરમાં વરસાદી માહોલ જામતાં સાર્વત્રિક વરસાદ જોવા મળશે. ક્યાંક હવળા તો ક્યાંક મધ્યમ અને ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. કચ્છ, મોરબી, સુરેંદ્રનગર, જામનગર, રાજકોટ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, બોટાદમાં ૩૦ જૂને ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

રાજયમાં ધીમી ગતિએ ચોમાસુ આગળ વધી રહ્યું છે ત્યારે હવે તા.૨૮થી ૫ સુધી અતિ ભારે વરસાદની આગાહી અંબાલાલ પટેલે કરી છે. તો આજથી બે દિવસમાં હળવો વરસાદ વરસી શકે છે.

ગુજરાતમાં ચોમાસું ભલે વહેલું આવ્યું હતું પણ અગળ વધતું અટકી જવાથી બારે ગરમી બફારા અને ઉકળાટથી ત્રસ્ટ હતા. જોકે, કુદરતે છેલ્લા ૨૪ કલાકમાં જ આખું ચિત્ર પલટી નાખ્યું છે.

# શહેરી પ્રધાનમંત્રી આવાસ યોજના ૨.૦નું તુરંતમાં લોન્ચીંગ ૧ કરોડ નવા ઘર બનાવવાનો લક્ષ્યાંક

### ■ છેલ્લા ૧૦ વર્ષમાં ૪.૨૧ કરોડ મકાન બન્યા ત્રણ કરોડ પરિવારોને સહાય પણ અપાઈ

નવી દિલ્હી,તા.૨૬

આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય હવે પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી ૨.૦ શરૂ કરવાની તૈયારીમાં છે. પીએમ આવાસ યોજનાનો લાભ હાલ ગ્રામીણ અને શહેરી પરિવારોને મળી રહ્યો છે.

આવાસ વિભાગના સંયુક્ત સચીવ કુલદીપ નારાયણે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી હેઠળ ૧૧૮.૬૩ લાખ આવાસોને મંજુરી આપવામાં આવી છે જેમાંથી ૧૧૪ લાખ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે અને ૮૪ લાખ લાભાર્થીને કબજો સોંપી દેવાયો છે તેમાંથી ૯૦ ટકાથી વધુ આવાસ મહિલાઓના નામ પર છે.

પીએમ આવાસ યોજના ૧.૦ ડિસેમ્બર ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે. જીઓ ટેગીંગથી તેનું મોનીટરીંગ થઈ રહ્યું છે. ખાસ લાઈટ હાઉસ પ્રોજેક્ટ પુરા કરવામાં આવ્યા છે. હવે આવાસ યોજના ૨.૦માં વધુ એક કરોડ મકાન બનાવવાનો લક્ષ્યાંક છે. તેમાં આધુનિક બાંધકામ પર ધ્યાન અપાશે.

આવાસ યોજનાઓ હેઠળ છેલ્લા ૧૦ વર્ષમાં પાત્રતા ધરાવતા ગરીબ પરિવારો માટે કુલ ૪.૨૧ કરોડ મકાન બનીને તૈયાર થઈ ગયા છે. આ ઉપરાંત આવાસની જરૂરિયાતો પુરી કરવા માટે ત્રણ કરોડ વધુ ગ્રામીણ અને શહેરી પરિવારોને મકાન નિર્માણ માટે સહાય આપવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો છે.આવાસ વિભાગના સંયુક્ત સચીવ કુલદીપ નારાયણે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી હેઠળ ૧૧૮.૬૩ લાખ આવાસોને મંજુરી આપવામાં આવી છે જેમાંથી ૧૧૪ લાખ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે અને ૮૪ લાખ લાભાર્થીને કબજો સોંપી દેવાયો છે તેમાંથી ૯૦ ટકાથી વધુ આવાસ મહિલાઓના નામ પર છે.

મંત્રાલયે કહ્યું હતું કે જળવ્યવસ્થામાં જુથ ભાગીદારીનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરી દેવામાં આવ્યો છે. સાથે જ સ્માર્ટ સીટી મીશનમાં એડવાન્સ અર્બન ઈનોવેશન અને ટેકનોલોજીનો પ્રયોગ થઈ રહ્યો છે.

મંત્રાલયના એડી. સેક્રેટરી ડી.થારા એ અટલ નવીનીકરણ અને શહેરી પરિવર્તન મીશન (અમૃત) મહિલાઓના સ્વયં સહાયતા જુથની ભાગીદારી અંગે કહ્યું કે આ મીશનને કોમ્યુનીટી બેઝ બનાવીને પાણીના ઈન્ફ્રાસ્ટ્રકચરમાં મોટા સુધારાનો પાયો રાખવામાં આવી રહ્યો છે.

# ૨૦૦ કિમી લાંબા દ્વારકા-સોમનાથ કોસ્ટલ હાઈવેની બંને બાજુ ૪૦,૦૦૦ રોપાઓનું વાવેતર કરાશે

## રાજકોટના સદભાવના આશ્રમ અને રાજ્ય સરકારના સયુંકત પ્રયાસે ટ્રી કવર વધારાશે કેબિનેટમાં નિર્ણય લેવાયો



રાજકોટ.તા.૨૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. બેઠકમાં લેવાયેલા નિર્ણયો અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશભાઇ પટેલે જણાવ્યું હતું કે, દ્વારકા થી સોમનાથ સુધીના આશરે ૨૦૦ કિમી લંબાઈના કોસ્ટલ હાઈવેની બન્ને બાજુ વન વિભાગ અને સદભાવના વૃદ્ધાશ્રમના સંયુક્ત ઉપક્રમે આશરે ૪૦,૦૦૦ જેટલા રોપાઓનું ૧૦૧૦ મી.ના અંતરે વાવેતર કરવામાં આવશે. રાજયમાં ટ્રી કવર વધારવા સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા અગાઉ કરાયેલી કામગરીને ધ્યાને રાખીને જ સદભાવના વૃદ્ધાશ્રમને હરિત વન પથ યોજનાના અમલ માટે ભાગીદારસહ આયોજન કરવામાં આવ્યું છે.

તેમણે ઉમેર્યું હતું કે, વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫માં હરિત વન પથ યોજના મંજૂર કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત રાજયમાં કુલ ૭૦ હેક્ટર વિસ્તારમાં આશરે ૭૦,૦૦૦ મોટા રોપાઓના વાવેતરનું આયોજન કરવામાં આવ્યું છે. હરિત વન પથ યોજના હેઠળ રાજ્યમાં ટ્રી કવર વધારવા અને રોડની બન્ને બાજુને હરિયાળી બનાવવા માટે ૫ ૫ મી. ના અંતરે ૬ થી ૮ ફીટના રોપા ટ્રી-ગાર્ડ સાથે વાવેતર કરવાની એક અગત્યની યોજના છે. આ યોજના અગાઉના વાવેતરો કરતાં વિશિષ્ટ અને અત્યંત અસરકારક મોડલ તરીકે તૈયાર કરવામાં આવી છે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા ગત ૧૦ વર્ષમાં આશરે ૨૫ લાખ કરતાં પણ વધારે વૃક્ષોન્બુ વાવેતર કરીને ઉછેરવામાં આવ્યા છે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, દ્વારકા-સોમનાથ કોસ્ટલ હાઈવે પર કરવામાં આવનાર વૃક્ષારોપણમાં રોપા દીઠ અંદાજે રૂ. ૩૦૦૦ના ખર્ચે પ્રથમ વર્ષનું વાવેતર અને ત્રણ વર્ષ સુધીની જાળવણી સદભાવના વૃદ્ધાશ્રમ સંસ્થા દ્વારા કરવામાં આવશે. સંસ્થા પાસે તાંત્રિક માનવબળ, ટ્રેક્ટર્સ, ટેંકર્સ અને વૃક્ષારોપણ કામગીરી માટે તમામ સાધન સામગ્રી પણ ઉપલબ્ધ છે. માનવસેવા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત સદભાવના વૃદ્ધાશ્રમે લોક ભાગીદારીથી ધોરણે વનીકરણનું કામ કરવા ઈચ્છા દર્શાવી હતી. છેલ્લા ઘણા વર્ષોથી આ સંસ્થા દ્વારા ગુજરાત રાજ્યમાં રોડના મિડિયન, બન્ને બાજુ તેમજ અન્ય અનુકૂળ જગ્યાએ મોટા રોપા ટ્રી ગાર્ડ સાથે સફળતાપૂર્વક વાવેતર કરવામાં આવી રહ્યું છે. સદભાવના વૃદ્ધાશ્રમ-માનવસેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રાજકોટ જિલ્લામાં વૃક્ષારોપણ માટે વન વિભાગ સાથે રૂ. ૧૦ કરોડના ખજ્ઞાન પણ કરવામાં આવ્યા હતા.

# રાજયની શાળાઓમાં ખાનગી પ્રકાશકોના પુસ્તકો ભણાવવા પર અંતે લગાયો રોક

### ■ એનસીઈઆરટી–જીસીઈઆરટી માન્યતા પ્રાપ્ત પુસ્તકો–મૂલ્યાંકન પદ્ધતિને અનુસરવા શિક્ષણ વિભાગનો ઠરાવ

અમદાવાદ તા.૨૬

રાજયના શિક્ષણ વિભાગ દ્વારા રાઈટ ટુ એજયુકેશન નિયમ અનુસાર શાળાઓમાં એનસીઈઆરટી-જીસીઈઆરટી દ્વારા નિયત કરેલ પાઠ્ય પુસ્તકો, અભ્યાસક્રમ અને મુલ્યાંકન પદ્ધતિ અનુસરવા માટે ઠરાવ કરવામાં આવ્યો છે. ઠરાવમાં શાળાઓને લઈને સૂચનાઓ જાહેર કરવામાં આવી છે. જેમાં શાળાઓએ એનસીઈઆરટી-જીસીઈઆરટી દ્વારા માન્યતા પ્રાપ્ત સામગ્રીનો જ અભ્યાસક્રમમાં ઉપયોગ કરવાનો રહેશે. માન્યતા વગરના પુસ્તકો, સ્વાધ્યાયપોથી વગેરેનો ઉપયોગ સ્કુલમાં કરી શકાશે નહીં. સ્કુલમાં ખાનગી પ્રકાશનના ઉપયોગ માટે મંજુરી મળેલી ન હોય તો તેનો પણ ઉપયોગ કરવાનો રહેશે નહીં.

બાળકો દ્વારા એનસીઈઆરટી-જીસીઈઆરટી દ્વારા માન્ય પુસ્તકો લાવવામાં આવે તો શાળા દ્વારા બાળક સાથે ભેદભાવ રાખવાનો રહેશે નહીં. જો સ્કુલ ભેદભાવ રાખશે તો તેમની સામે જુવેનાઈલ એકટ હેઠળ કાર્યવાહી કરાશે. ભારત સરકાર દ્વારા ૬થી૧૪ વર્ષના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે આરટીઈનો કાયદો અમલમાં મૂકવામાં આવ્યો છે. જેમાં પ્રારંભીક શિક્ષણનો અભ્યાસક્રમ અને તેના સમાપનમાં શૈક્ષણિક સતામંડળ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગણાશે તેવું જોગવાઈમાં છે. દરમિયાન શિક્ષણ વિભાગ દ્વારા આરટીઈ એકટ અંતર્ગત રાજયની પ્રાથમીક શાળાઓમાં સમાન ગુણવતાવાળું શિક્ષણ આપવા માટે સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે. જેમાં આરટીઈ એકટ હેઠળ વ્યાખ્યાચિત તમામ શાળાઓ કેન્દ્રીય શાળાઓ/સેન્ટ્રલ બોર્ડ સાથે સંલગ્ન શાળાઓએ એનસીઈઆરટી-એસસીઈઆરટી દ્વારા આપવામાં આવેલા અભ્યાસક્રમ અને મૂલ્યાંકન પ્રક્રિયાને અનુસરવાનું રહેશે.જે-તે શાળાની માન્યતાની શરતો મુજબ જે અભ્યાસક્રમ ચાલતો હોય તે શાળાઓ માટે નિયત થયેલા શૈક્ષણિક સતામંડળ દ્વારા માન્યતા પ્રાપ્ત થયેલા હોય તેવી પ્રિન્ટેડ સામગ્રીનો જ ઉપયોગ કરવાનો રહેશે. માન્યતા વગરની પ્રિન્ટેડ સામગ્રી જેવી કે પાઠ્યપુસ્તકો, પુસ્તકો, માર્ગદર્શિકા, સ્વાધ્યાય પોથી, નિબંધમાળા વગેરેનો ઉપયોગ કરી શકશે નહીં. શૈક્ષણિક સતામંડળ દ્વારા અધિકૃત કરવામાં આવેલા શૈક્ષણિક સતાધિકારી દ્વારા મંજુર થયેલા સાહિત્ય જ શાળાઓમાં વાપરવાનું રહેશે.

# રાજકોટમાં બપોરે ઘટાટોપ માહોલ વચ્ચે હળવા-ભારે ઝાપટા

### ■ આજે રાજકોટ શહેર ઉપરાંત જિલ્લામાં પણ હળવાથી મધ્યમ વરસાદની આગાહી

રાજકોટ, તા.૨૬

સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં છેલ્લા કેટલાંક દિવસોથી સારો વરસાદ પડી રહ્યો છે. જો કે રાજકોટ શહેરમાં આજ સુધી નોંધપાત્ર વરસાદ વરસ્યો નથી પરંતુ, હવામાન વિભાગનાં સુત્રો અનુસાર આજરોજ રાજકોટ શહેર ઉપરાંત જિલ્લામાં વિવિધ સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે.રાજકોટ ઉપરાંત સૌરાષ્ટ્રનાં અમરેલી, પોરબંદર, ગીરસોમનાથ અને ભાવનગર જિલ્લામાં પણ આજે મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. દરમ્યાન બપોરે ૨-૪૫ કલાકે આ લખાય છે ત્યારે રાજકોટ શહેરમાં ઘટાટોપ ચોમાસુ માહોલ વચ્ચે હળવાથી ભારે વરસાદી ઝાપટા વરસી રહ્યા છે.બપોરે ૨-૪૫ કલાકે આ લખાય છે ત્યારે રાજકોટમાં હળવો વરસાદ પડી રહ્યો છે અને આખો દિવસ ભારે બફારા બાદ બપોરે હળવા-ભારે ઝાપટાથી ઠંડક પ્રસરતા લોકોએ રાહત અનુભવી હતી.દરમ્યાન આજે બપોરે ૨-૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૩૬.૪ ડીગ્રી નોંધાયું હતું અને હવામાં ભેજ ૪૮ ટકા રહ્યો હતો જ્યારે પવનની ઝડપ ૧૪ કિ.મી. પ્રતિ કલાક રહેવા પામી હતી.

સૌરાષ્ટ્રનાં ડેમોમાં ગઈકાલે સતત ત્રીજા દિવસે પણ નવાનિરની ધીમી આવક ચાલુ રહી હતી.ગઈકાલે રાજકોટના ફોફળ અને આજી-૧ સહિત સૌરાષ્ટ્રનાં, કુલ-૭ ડેમોમાં નવા પાણી ઠલવાયા હતાં. રાજકોટ સિંચાઈ વિભાગનાં ફુલડસેલનાં જણાવ્યા મુજબ રાજકોટનાં ફોફળમાં ૦.૨૦ ફુટ અને આજી-૧માં ૦.૧૦ ફુટ નવું પાણી આવેલ હતું.



# ૧૦ દિવસથી બંધ રાજકોટ આરટીઓનો ટ્રેક ફરી આગામી ૨૯ સુધી બંધ રહેશે

## ૧૫૦૦થી વધુ વાહન ધારકો વેઈટીંગ લીસ્ટમાં અરજદારોને ભારે ગરમી વચ્ચે કચેરીના થતાં ધરમ ધક્કાથી વ્યાપક રોષ

રાજકોટ, તા.૨૬

છેલ્લા ઘણા સમયથી રાજકોટ સહિત રાજયભરમાં આરટીઓ તંત્રનું સર્વર વારંવાર ઠપ્પ થઇ જવાની સમસ્યા હવે માથાના દુખાવા રૂપ બની ગઈ છે. ગમે ત્યારે ટેકનીકલ બહાના હેઠળ આરટીઓ તંત્ર દ્વારા સર્વર બંધ કરી દેવામાં આવે છે. જેના કારણે હજારો અરજદારોના કામો ખોરંભે પડી જાય છે. આ સમસ્યા એટલી વ્યાપક બની ગઇ છે કે લોકો હવે આરટીઓ કચેરીના સર્વરથી થાકી ગયા છે. આ પ્રશ્ને અનેક વખત ઉચ્ચ કક્ષાએ રજુઆતો પણ કરવામાં આવી છે. આમ છતાં આરટીઓના સર્વરની સમસ્યા હજુ સુધી કાયમી ધોરણે હલ થઇ નથી.

ઉલ્લેખનીય છે કે રાજકોટ આરટીઓ કચેરીમાં જ છેલ્લા ૧૦ દિવસથી ટેકનીકલ ક્ષતિના બહાના હેઠળ ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક બંધ કરી દેવામાં આવેલ છે. જેના કારણે છેલ્લા ઘણા દિવસથી વાહન ધારકોને ભારે ગરમી વચ્ચે કચેરીના ધરમ ધક્કા થઈ રહ્યા છે. આથી અરજદારોમાં વ્યાપક દેકારા સાથે ભારે રોષની લાગણી પ્રસરી ગઈ છે. છેલ્લા દસ દિવસથી આરટીઓ કચેરીનો ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક બંધ છે ત્યારે ફરી એક વખત આરટીઓ કચેરી દ્વારા આજ તા.૨૬થી તા.૨૯ સુધી ફરી એકવાર ફોર વ્હીલર માટે ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક બંધ રાખવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. રાજકોટના પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી દ્વારા જણાવાયું છે કે આરટીઓ રાજકોટ ખાતે કાર્યરત ફોર વ્હીલર વાહનો માટેનો ઓટો મેટેડ ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક ટેકનીકલ કારણોસર તા.૨૬-૬થી ૨૯-૬ દરમિયાન બંધ રહેશે. આ સમયગાળા દરમિયાન જે અરજદારોએ ફોર વ્હીલર વાહન માટે ટેસ્ટ ટ્રેકની એપોઈન્ટમેન્ટ લીધેલ છે તેમની એપોઈન્ટમેન્ટ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી રાજકોટ દ્વારા રિ-સિડ્યુલ કરી આપવામાં આવેલ છે. જેની રાજકોટ જિલ્લાની જાહેર જનતાએ નોંધ લેવી.

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૦ દિવસથી ટેકનીકલ બહાના હેઠળ ડ્રાઈવીંગ ટ્રેક બંધ છે અને હવે ફરી આગામી તા.૨૯ સુધી ટ્રેક બંધ રાખવાની આરટીઓ તંત્રએ જાહેરાત કરી છે જેના કારણે રાજકોટના ૧૫૦૦થી વધુ વાહન ધારકો વેઈટીંગ લીસ્ટમાં આવી ગયા છે. વાહન ધારકોની ફરિયાદ છે કે છેલ્લા ઘણા દિવસોથી આ પ્રશ્ન ઉપસ્થિત થયો છે જેના કારણે લોકોને ભારે ગરમી વચ્ચે કચેરીના ધરમધક્કા થઈ રહ્યા છે. દરમિયાન આ પ્રશ્ને અંગે કે.એમ. ખપેડનો સંપર્ક સાધતા તેઓએ જણાવેલ હતું કે ડ્રાઈવીંગ ટ્રેકના સેન્સર ટેકનીકલ કારણોસર બંધ થઈ ગયા છે અને આ સેન્સરનું રીપેરીંગ રાજકોટમાં થતું નથી આથી છેલ્લા કેટલાક દિવસથી આ સેન્સરને ગાંધીનગર ખાતે રીપેરીંગ માટે મોકલવામાં આવ્યા છે.

# કાનૂની ચુકાદા સામે અપીલમાં જવાબમાં અધિકારીઓની બેદરકારી નહીં ચાલે લિટીગેશન પોલિસીમાં ફેરફાર

## કેબીનેટની બેઠકમાં નિર્ણય કમિટીની રચના સમય, નાણા અને શકિતનો બચાવ થશે–ઋષિકેશ પટેલ

ગાંધીનગર તા.૨૬

ગુજરાતમાં ૨૦૧૧થી અમલમાં આવેલી ગુજરાત સ્ટેટ લિટીગેશન પોલિસીમાં હવે રાજય સરકાર દ્વારા કેટલીક જોગવાઈઓ ઉમેરવામાં આવી છે. આ માટે સરકાર તરફથી એવી દલીલ કરવામાં આવી છે કે, ગુજરાત હાઈકોર્ટ દ્વારા અપાતા વિવિધ ચુકાદા સંદર્ભે હાલ રાજયની જે ગુજરાત સ્ટેટ લિટીગેશન પોલિસી (નીતિ) છે, તેની સરકાર દ્વારા વખતો વખત સમીક્ષા કરવામાં આવી છે

પરિણામે, સરકારને હાલની આ નીતિમાં કેટલાક સુધારાઓ કરવાની જરૂરિયાત-આવશ્યકતા જણાઈ આવી છે. આ વખતે ૨૬મી, ૨૭ અને ૨૮ના ૩ દિવસ માટે શાળા-પ્રવેશોત્સવ, કન્યા કેળવણીની શરૂઆત થવાની છે અને એમાં મુખ્યમંત્રી, મુખ્ય સચિવથી લઈ તમામ મંત્રીઓ, પદાધિકારીઓ, આઈએએસ- આઈપીએસ અને અન્ય ઓફિસરો પણ તેમાં જોડાવાના હોવાથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ૨૫મીના મંગળવારે મંત્રીમંડળની બેઠક યોજાઈ હતી. કેબિનેટની બેઠક બાદ રાજય સરકારના પ્રવકતા-આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે બેઠકમાં લેવાયેલા નિર્ણય અંગે જણાવ્યું કે, રાજય સરકારે હાલમાં અમલી ગુજરાત સ્ટેટ લિટીગેશન પોલિસીમાં કેટલીક જોગવાઈનો ઉમેરો કર્યો છે. તેમાં ખાસ કરીને આકાઉન્ટિબિલિટી એટલે કે અધિકારીની જવાબદારી નકકી કરવા જોગવાઈ ઉમેરી છે. અપીલમાં વિલંબ અટકાવવાની જોગવાઈ અંતર્ગત જયારે કોઈ ચુકાદો રાજયની કોઈ પ્રવર્તમાન નીતિને અસર કરતા હોય ત્યારે કાયદા વિભાગના અભિપ્રાયથી દરખાસ્ત કરનાર વિભાગ સહમત ન હોય ત્યારે શું કાર્યવાહી કરવી તેની જોગવાઈ ઉમેરવામાં આવી છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.27/6/2024 THURSDAY


# લાંબા વિરામ બાદ જેતપુર પંથકમાં ૨ ઈંચ વરસાદ, રસ્તા પાણી પાણી, કપાસ, મગફળી સહિતના પાકને નવું જીવનદાન મળશે

- **વરસાદથી અસહ્ય બફારા વચ્ચે લોકોને ગરમીમાંથી રાહત મળી**

જેતપુર, તા. ૨૭: જેતપુર સહિત ગ્રામ્ય પંથકમાં આજે સવારથી જ વાદળછાંયુ વાતાવરણ જોવા મળી રહ્યું છે. પરંતુ બપોર બાદ જેતપુર પંથકમાં વાતાવરણમાં અચાનક પલ્ટો જોવા મળ્યો હતો. જેતપુરના ગ્રામ્ય વિસ્તારમાં ધીમીધારે વરસાદ વરસતા કપાસ, મગફળી, મગ, મકાઈ, અડદ, એરંડા સહિતના પાકને નવું જીવનદાન મળ્યું છે.




જેતપુર પંથકમાં સવારથી જ વાદળછાંયુ વાતાવરણ જોવા મળ્યું હતું. ત્યારે બપોર બાદ જેતપુરનાં ખીરસરા, ચારણીયા, વીરપુર, કાગવડ, મેવાસા ખજુરી ગુંદાળા, સ્ટેશન વાવડી, સહિત ગ્રામ્ય વિસ્તારમાં લાંબા સમય સુધી વિરામ બાદ વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ શરૂ થયો હતો. ખેડૂતો કાગડોળે વરસાદની રાહ જોઈ રહ્યા હતા અને વરસાદ શરૂ થતાં ખેડૂતોમાં ધોધમાર વરસાદની આશા બંધાણી છે. વરસાદથી વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી હતી અને લોકોને અસહ્ય ઉકળાટમાંથી રાહત મળી છે.

છેલ્લા ૧૫ દિવસના વધુ સમય પછી પણ મેઘરાજાએ ડોક્યુ ન કરતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. હાલ કપાસ, મગફળી સહિતનો પાક સૂકાવા લાગ્યો હતો ત્યારે આજે ગ્રામ્ય પંથકમાં વરસાદ વરસતા મુરજાતા પાકને જીવતદાન મળ્યું છે.

# વેરાવળ મર્કન્ટાઈલ બેંકની ૫૩મી સાધારણ સભા મળી

- **બેંકએ આર્થીક પ્રવૃત્તિ થકી છેવાડાના વ્યક્તિ સુધી બેંકીંગ સેવાઓ પહોંચાડી છે : ચેરમેન**
- **બેંકએ ૭.૫૧ કરોડનો નફો અને ૧૩ ટકા ડિવિડન્ડ આપવાની જાહેરાત કરેલ**




વેરાવળ, તા. ૨૭: સૌરાષ્ટ્રની સહકારી ક્ષેત્રની અગ્રણી વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપરેટીવ બેંકની ૫૩ મી વાર્ષીક સાધારણ સભા સભાસદોની વિશાળ હાજરી વચ્ચે ચેરમેન નવીનભાઈ શાહના પ્રમુખ સ્થાને મળી હતી. જેમાં વાઈસ ચેરમેન ભાવનાબેન એ. શાહ, બેન્કના ડીરેક્ટરો તથા બોડ ઓફ મેનેજમેન્ટ અને શાખા સલાહકાર કમીટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે બેંકના ચેરમેન નવીનભાઈ શાહ અને વાઈસ ચેરમેન ભાવનાબેન શાહએ પ્રવચનમાં જણાવેલ કે, બેંકએ આર્થીક પ્રવૃત્તિના સુમેળથી સામાજીક વિકાસની કેડી કંડારી સમાજના છેવાડાના માનવીઓ સુધી આધુનિક બેન્કીંગ સેવાઓ પહોંચાડી "સહકારથી સમૃધ્ધિ" ના સુત્રને ચરિતાર્થ કરેલ છે. ગ્રાહકને ઉમદા બેન્કીંગ સેવાઓ પૂરી પાડી બેન્કે તમામ ક્ષેત્રે નક્કર પ્રગતિ કરેલ છે. વર્ષાંતે બેંક રૂ.૭૪૬.૨૯ કરોડની ડીપોઝીટ, રૂ.૪૪૫.૧૧ કરોડના ધીરાણ તેમજ રૂ.૧૧૯૧.૪૦ કરોડના કુલ બીઝનેસ સાથે ઈન્કમટેક્ષ તથા જરૂરી તમામ જોગવાઈઓ કર્યા બાદ રૂ.૭.૫૧ કરોડનો ચોખ્ખો નફો કર્યો છે. બેન્કના રીઝર્વ રૂ.૯૨ કરોડને આંબ્યા છે. તેઓએ બેન્કની પ્રગતિ અને બેન્કને આ સ્થાને સુધી પહોંચાડવાનો યશ સર્વે સભાસદો, થાપણદારો, ગ્રાહકો, શુભેચ્છકો, બેન્કના કર્મચારી ગણ, સર્વે શાખા સલાહકાર કમીટીના સભ્યો અને સમગ્ર બોર્ડ ઓફ ડીરેક્ટર્સને આપેલ અને સભાસદો દ્વારા સાધારણ સભામાં રજુ થયેલ દરેક ઠરાવો સર્વાનુમતે મંજુર કરેલ અને બેન્ક દ્વારા ૧૩ ટકા ડીવીડન્ડ ચૂકવવાની જાહેરાત કરી હતી.

ડીરેક્ટર સુરેશભાઈ કંપાણીએ ઉપસ્થિત સર્વેનો આભાર વ્યકત કરેલ હતો. સમગ્ર સભાનું સુરેખ અને સફળ સંચાલન અને સી.ઈ.ઓ. અતુલ શાહ દ્વારા કરવામાં આવેલ અને વેરાવળ મર્કન્ટાઈલ કો-ઓપ. બેન્ક લી. દ્વારા વર્ષ ૨૦૨૩-૨૦૨૪ દરમ્યાન શૈક્ષણિક ક્ષેત્રે ઉત્તમ સેવા પ્રદાન કરવા બદલ મણિબેન કોટક હાઈસ્કુલના પ્રીન્સીપાલ બી. ટી. ઉનડકટ, કે. કે. મોરી ઉચ્ચતર માધ્યમિક શાળાના પ્રીન્સીપાલ ડી. સી. ભટ્ટ, એમ. જે. સ્વામિનારાયણ હાઈસ્કુલના પ્રીન્સીપાલ દિનેશભાઈ રામાણી, શેઠ એમ. પી. ગર્લ્સ હાઈસ્કુલના પ્રીન્સીપાલ ઉમેદભાઈ બારડનું બહુમાન કરવામાં આવેલ તેમજ વેરાવળના વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માં ધોરણ ૧૦ અને ૧૨ માં ૯૦ ટકા કરતા વધારે માર્કસ મેળવનાર ૫૬ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કર્યુ હતુ.

## ગીર સોમનાથ જીલ્લામાં ૩ પીઆઈ અને ૧૧ પીએસઆઈની આંતરીક બદલીઓ કરી

ગીર સોમનાથ, તા. ૨૭: ગીર સોમનાથ જીલ્લામાં કાયદો અને સુરક્ષાની પરિસ્થિતિ સુદૃઢ બનાવવા હેતુસર પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા દ્વારા પીઆઈ અને પીએસઆઈ અધિકારીઓની આંતરીક બદલીઓ કરી છે. જેમાં ત્રણ પીઆઈમાં આર.એન. જાડેજાની સોમનાથ મંદિર, એ.પી.પટેલની તાલાલા, એન.આર.પટેલની સોમનાથ મરીનમાં જયારે પીએસઆઈમાં કરશનભાઈ મુછાળની વેરાવળ સીટીમાં, પી.જે. બાટવાની એસઓજી, વી.કે.ઝાલાની નવાબંદર, જે.આર. ડાંગરની ઉના, એન.બી .ચૌહાણની ગીરગઢડા, એસ.એસ. વાવેચાની એમઓબી, પી.સી. પરમારની જીલ્લા ટ્રાફીક, બી.કે. રાઠોડની મહિલા પોલીસ, આર.પી. જાદવની દેલવાડા, એમ.આર. ડવની વેલણ, જે.કે. જોરાની કંટ્રોલરૂમમાં બદલીઓ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.27/6/2024 THURSDAY


# ગીર સોમનાથના ચાર તાલુકાઓમાં ૧ થી ૩ ઈંચ વરસાદ, કોડીનારમાં ૩, સુત્રાપાડામાં ૨ ઈંચ વરસાદ વરસ્યો

### ■ વેરાવળ-સોમનાથમાં ૨ ઈંચ અને તાલાલામાં ૧ ઈંચ વરસતા ખેડૂતોએ વાવણીના શ્રી ગણેશ કર્યા



વેરાવળ, તા. ૨૭: ગીર સોમનાથ જીલ્લાના કોડીનાર, વેરાવળ, સુત્રાપાડા અને તાલાલા ગીર પંથક તાલુકામાં બપોરે મેઘરાજાએ ગાજવીજ સાથે ધમાકેદાર એન્ટ્રી કરી છે. ચારેય તાલુકાઓમાં બપોર બાદ અનરાધાર વરસેલા વરસાદના પગલે અનેક સ્થળોએ તથા નદી નાળાઓમાં વરસાદી પાણી વહેતા જોવા મળ્યા હતા. આજે મેઘરાજાએ વરસાવેલ હેતના પગલે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી છે. જીલ્લામાં સવારથી સાંજ સુધીમાં કોડીનારમાં ૩, સુત્રાપાડામાં ૨, વેરાવળ સોમનાથમાં ૧.૫ અને તાલાલામાં ૧ ઈંચ વરસાદ વરસ્યો છે. ગીર સોમનાથ જીલ્લામાં અસહ્ય બફારા બાદ આજે બપોરથી એકાએક વાતાવરણમાં પલટો આવ્યા બાદ કાળા ડીબાંગ વાદળો સાથે ગાજવીજ અને વિજળી ચમકારા સાથે મેઘરાજાએ પધરામણી કરી હતી. જીલ્લાના કોડીનાર, વેરાવળ, સુત્રાપાડા અને તાલાલા ગીરમાં બપોરે એકાદ વાગ્યાથી વરસાદ શરૂ થયા બાદ ધોધમાર વરસ્યો હતો. બપોરથી સાંજે ચાર કલાકમાં જ તાલાલા ગીરમાં ૨૨ મીમી (૧ ઈંચ), વેરાવળ સોમનાથમાં ૩૨ મીમી (૧.૫ ઈંચ), સુત્રાપાડામાં ૪૭ મીમી (૨ ઈંચ), કોડીનારમાં ૭૮ મીમી (૩ ઈંચ) વરસી ગયો હતો. જીલ્લામાં આજે વરસેલા વરસાદના પગલે નદી-નાળાઓમાં નવા નીર વહેતા જોવા મળ્યા હતા તો વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. સુત્રાપાડાના લોઢવા, પ્રશ્નાવાડા, સિંગસર સહિતના ગ્રામ્ય વિસ્તારો આ ઉપરાંત વેરાવળ તાલુકાના આજોઠા ભાલપરા, સોનારીયા, બાદલપરા, ભેટાળી, લુમભા સહિતના ગ્રામ્ય વિસ્તારો તેમજ તાલાલા શહેર તેમજ તાલુકાના બોરવાવ, ધાવા, આમળાશ, જેપુર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. આજે વાવણી લાયક વરસાદ થતાં વેરાવળ, સુત્રાપાડા અને તાલાલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોએ વાવણીના પણ શ્રી ગણેશ કરી



કન્યા કેળવણી મહોત્સવ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત ખીરસરા તા.શાળા નવી પ્રા. શાળા તેમજ આંગણવાડીના બાળકોને શાળા પ્રવેશ કરાવતા સંયુક્ત માહિતી નિયામક અધિકારી સોનલબેન જોષીપુરા તેમજ હાસ્ય કલાકાર ધીરૂભાઈ સરવૈયા યુવા ભાજપ ઉપપ્રમુખ જયેશભાઈ સાગઠીયા સરપંચ મુકેશભાઈ મકવાણા તાલુકા ભાજપ ઉપપ્રમુખ માવજીભાઈ સાગઠીયા નાયબ મામલતદાર કુકડીયા સર્કલ નિખીલ ગોહેલ પૂર્વ ફોરેસ્ટ ગાર્ડ રેવતુભા જાડેજા તેમજ ગ્રામપંચાયત સભ્યો કમલેશભાઈ વાગડીયા મચછાભાઈ લાબરીયા શિક્ષક ગણની ઉપસ્થિતિમાં શાળાની અભ્યાસ કિટ આપી બાળકોને શાળા પ્રવેશ કરાવવામાં આવેલ.

## નાણામંત્રી સાથે પ્રી-બજેટ બેઠક યોજતા વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓ અનેક સજેશનો

નવીદિલ્હી,તા.૨૬

સરકારે મૂડી ખર્ચ વધારવો જોઈએ, નિકાસકારો માટે વ્યાજની સમાનતા યોજના ચાલુ રાખવી જોઈએ, સ્કીલ ટ્રેનીંગ ફી પર કર મુક્તિ આપવી જોઈએ અને ઘરેલું કામદારોના સામાજિક લાભો માટે વ્યવસ્થા કરવી જોઈએ. આ કેટલાક મહત્વપૂર્ણ સૂચનો હતા, જે મંગળવારે નાણામંત્રી નિર્મલા સીતારમણને મળ્યા હતા. નાણામંત્રી વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓ અને રોજગાર અને કૌશલ્ય ક્ષેત્રના નિષ્ણાતો સાથે પ્રી-બજેટ બેઠક યોજી રહ્યા હતા.

નિકાસકારોની સંસ્થાના પ્રમુખ અશ્વની કુમારે ને જણાવ્યું, અમે ભારતમાં વૈશ્વિક કક્ષાની ભારતીય શિપિંગ લાઇન વિકસાવવાની વિનંતી સાથે વ્યાજની સમાનતા યોજનાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. તે ૩૦ જૂને સમાપ્ત થાય છે. તેને ૫ વર્ષ સુધી લંબાવવાની સાથે, માટે સબવેન્શન રેટ ફરીથી ઘટાડીને ૫% અને ૪૧૦ અન્ય ટેરિફ લાઇનના કિસ્સામાં ૩% કરવા જોઈએ.ચેરમેન વિપુલ શાહે જણાવ્યું હતું કે, અમે રફ હીરા પરની ઈક્વલાઈજેશન સમાનીકરણ વસૂલાત નાબૂદ કરવા અને પ્લેટિનમ જ્વેલરીની નિકાસ પર ડ્યૂટી ડ્રોબેક દાખલ કરવા વિનંતી કરી હતી.

# વેરાવળ, સુત્રાપાડા, તાલાલા તાલુકામાંથી અડધા કરોડની વીજ ચોરી ઝડપાઈ

વેરાવળ, તા. ૨૭: ગીર સોમનાથ જીલ્લાના વેરાવળ, સુત્રાપાડા, તાલાલા તાલુકામાં વિજચોરી અંગે ચેકીંગ હાથ ધરતા ૧૯૦ વિજ જોડાણમાં ચોરી થતી હોવાનું બહાર આવતા રૂ.૫૫ લાખના બીલો ફટકારતા વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

પીજીવીસીએલની વડી કચેરીના માર્ગદર્શન તથા સીધી સૂચનાથી વીજ ચેકિંગ ડ્રાઈવના અનુસંધાને ગીર સોમનાથ જિલ્લાની વિભાગીય કચેરી હેઠળના વેરાવળ, સુત્રાપાડા તથા તાલાલા તાલુકાની પેટાવિભાગીય કચેરીઓ હેઠળના વિવિધ વિસ્તારોમાં અધીક્ષક ઈજનેર વર્તુળ કચેરી જુનાગઢ એસ એચ રાઠોડ, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી વેરાવળ પી એન ગોરાણીયા, કા.પા.ઈજનેર જે.જે.કાચા તેમજ એસ.આર.પી. સ્ટાફ તથા પોલીસ સ્ટાફના ચુસ્ત બંદોબસ્ત હેઠળ ઈજનેરોની કુલ ૨૫ જેટલી વીજચેકિંગ ટીમો દ્વારા વીજચેકિંગની કામગીરી કરવામાં આવેલ જેમાં રહેણાંક, વાણિજ્યિક, ખેતીવાડી વગેરે મળીને કુલ ૮૯૫ જેટલા વીજજોડાણો ચકાસવામાં આવ્યાં હતા, જે પૈકી ૧૯૦ વીજજોડાણોમાં જુદાજુદા પ્રકારની ગેરરીતિ માલૂમ પડતાં કુલ રૂ.૫૫ લાખની દંડનીય આકારણીના બિલ ફટકારવામાં આવ્યાં હતા અને આગામી દિવસોમાં ચેકિંગની આ ઝુંબેશને વધુ વ્યાપક અને ગતિશીલ બનાવાશે તેવું વીજતંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

# ધોરાજી પોલીસ સ્ટેશન ખાતે રાજકોટ જિલ્લા પોલીસ દ્વારા વિશ્વ ડ્રગ વિરોધી દિનની ઉજવણી કરવામાં આવી

## ■ વિદ્યાર્થીઓએ વ્યસન મુક્તિની સાથે તેમના ઘરમાં પણ વ્યસન મુક્તિનું અભિયાન ઉપાડવું જોઈએઃ સુનિલકુમાર વાઘ જજ ધોરાજી કોર્ટ



તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

ધોરાજી, તા. ૨૭: ધોરાજી પોલીસ સ્ટેશન ખાતે ધોરાજી કોર્ટના જજ પોલીસ અધિકારી સરકારી અધિકારીઓ તેમજ શહેરના આગેવાનો એ હાજરી આપી વિશ્વ ડ્રગ વિરોધી દિવસમાં વ્યસન મુક્તિના શપથ લીધા.

ધોરાજી પોલીસ સ્ટેશન ખાતે ૧૫૦૦ થી વધારે વિદ્યાર્થીઓની હાજરીમાં ધોરાજી કોર્ટના જજ તેમજ સરકારી અધિકારીઓની હાજરીમાં ડ્રગ વિરોધી સેમિનાર સાથે વિશાળ રેલી યોજાઇ હતી.

રાજકોટ જિલ્લા પોલીસ વડા જયપાલસિંહ રાઠોડની સૂચનાથી ધોરાજી પોલીસ સ્ટેશન ખાતે વિશ્વ ડ્રક વિરોધી અભિયાન અંતર્ગત જાહેર કાર્યક્રમો રાખવામાં આવ્યો હતો આ સમારંભમાં ધોરાજી કોર્ટના જજ સુનિલકુમાર વામનભાઈ વાઘ તેમજ જજ પ્રિયંકાબેન ગામીત. જેતપુરના મુતા રોહિત ડોડીયા ડેપ્યુટી કલેક્ટર લિખિયા સરકારી વકીલ કાર્તિકેય પારેખ સરકારી હોસ્પિટલના ડોક્ટર જયેશ વસેટીયન પોલીસ ઈન્સ્પેક્ટર રવિ ગોધમ એસ ઓ જી પી આઈ પારગી અખિલ ભારતીય વિશ્વકર્મા મહાસભાના રાષ્ટ્રીય અગ્રણી કિશોરભાઈ રાઠોડ ભરતભાઈ બગડા પીએસઆઇ વિક્રમસિંહ જેઠવા વગેરે આગેવાનો ની હાજરીમાં વિશ્વ ડ્રગ વિરોધી સેમિનારમાં વિદ્યાર્થીઓને વ્યસનથી મુક્ત થવા બાબતે માર્ગદર્શન આપ્યું હતું

ધોરાજી કોર્ટના જજ સુનિલકુમાર વાઘ એ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા જણાવેલ કે વિદ્યાર્થીઓએ વ્યસન મુક્તિની સાથે તેમના ઘરમાં પણ વ્યસન મુક્તિનું અભિયાન ઉપાડવું જોઈએ

આ સાથે ધોરાજીના ડેપ્યુટી કલેક્ટર જયેશ લીખીયા ધોરાજીના મહિલા જજ પ્રિયંકાબેન ગામીત સરકારી વકીલ કાર્તિકેય પારેખ જેતપુરના ડીવાયએસપી ડોડીયા અને ધોરાજીના પોલીસ ઈન્સ્પેક્ટર રવિ ગોધમ એ વ્યસન મુક્તિ બાબતે વિશાળ વિદ્યાર્થી ભાઈ બહેનોને વ્યસન મુક્તિ બાબતે વિસ્તૃત માહિતી આપી હતી અને આવનારા દિવસોમાં જનજાગૃતિ કેળવવા તેમજ ઘરની અંદર કોઈ વ્યસની ભાઈ બહેન અથવા પિતા હોય તો તેમને પણ આમાંથી મુક્તિ અપાવવા બાબતે વક્તવ્ય આપેલું હતું.

બાદ ધોરાજી પોલીસ સ્ટેશન ખાતેથી વિશાળ જનજાગૃતિ રહેલી ને આવેલ અધિકારી દ્વારા પ્રસ્થાન કરાવેલ અને શહેરના જુદા જુદા વિસ્તારોમાં રેલી ફરીને લોકોને જાગૃત કર્યા હતા. આ પ્રસંગે ધોરાજીના પોલીસ ઈન્સ્પેક્ટર રવિ ગોધમ એ માહિતી આપતા જણાવેલ કે રાજકોટ રેન્જ એટલે કે સૌરાષ્ટ્રમાં સૌથી મોટી ડ્રગ વિરોધી અભિયાનની રેલી ધોરાજી માંથી નીકળી છે અંદાજે ૧૭ સ્કૂલમાંથી ૧૫૦૦ જેટલા વિદ્યાર્થી ભાઈ બહેનો એ વિશાલ રેલીમાં ભાગ લીધો હતો અને તમામ વિદ્યાર્થીઓને ઠંડા પાણીની બોટલ તેમજ ઠંડા શરતો અને વિવિધ વિસ્તારોમાં વિદ્યાર્થીઓનું સન્માન થાય એ પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી તેમજ વિદ્યાર્થીઓ માટે એક વિશેષ સ્પર્ધા વ્યસનમુક્તિની ડ્રોઈંગ ચિત્રકામને રાખી હતી જેમાંથી ત્રણ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા તેઓને પણ મહેમાનોના વરદ્હસ્તે મોમેન્ટો આપવામાં આવ્યા હતા અને બાકીના વિદ્યાર્થીઓને પુરસ્કાર રૂપે સન્માનિત કરવામાં આવ્યા હતા


કાર્યક્રમમાં ધોરાજી શહેર તેમજ તાલુકા પોલીસ ના અધિકારી વિક્રમસિંહ જેઠવા તેમજ કર્મચારીઓ એ જહેમત ઉઠાવી હતી


રિપોર્ટરઃ જયેશભાઇ મોરી

થાનગઢ તાલુકાના મોરથળા પ્રા. શાળામાં શાળા પ્રવેશ ઉત્સવ મનાવવામાં આવેલ જેમાં વિદ્યાર્થી દુવારા તિલક કરી સ્વાગત કરવામાં આવેલ. જેમાં તાલુકા પ્રમુખ શ્રી. ન્યાય સમિતિ ચેરમેન પ્રવિ ણ ભાઈ કોરોબારી ચેરમેન નવઘણ ભાઈ પ્રા. શાળા ના આચાર્ય શ્રી તથા શિક્ષક મિત્રો તથા નારણભાઈ. ગ્રામ પંચાયત સરપંચ શ્રી નવઘણ ભાઈ માજી સરપંચ ચેતન ભાઈ ગામ ના અગ્રણી કડવા. ભાઈ રાજુભાઈ સોલંકી દિનેશ ભાઈ દેગામા તથા ઈ.છઈ. સાહેબ તથા આંગણ વાળી વર્કર. હેલ્પર. બહેનો દુવારા ગણવેશ અર્પણ કરેલ તથા ગામ જનો હાજર રહેલા.

# ચોટીલાનાં ગ્રામ્ય વિસ્તારમાં વીજળીના ધાંધિયાઃ ખેડૂતો પરેશાન

ચોટીલા, તા. ૨૭: સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના નવાગામ બામણબોર ખાતે ગારીડા ફીટર આવેલું છે. જેમા રવિ કિરણ પાવર આવેલો છે.ચાર દિવસથી ચોટીલાથી ગ્રામવિસ્તાર ખેતી માટે વીજળીના ધાંધિયા હોય ત્યારે અનેક વખત રજૂઆત કરવા છતાં ચોટીલા અધિકારી જી.ઇ.બીના અધિકારી ફોન પણ ઉપાડતા નથી. ત્યારે તમામ ખેડૂત એવા નવાગામ બામણબોરના જાગૃત પત્રકાર બાબુભાઈ ડાભી, છગનભાઈ ડાભી, પોપટભાઈ ડાભી, વાડી વિસ્તારમાં છેલ્લા ચાર દિવસથી ચોટીલાના અનેક



વિસ્તારમાં વીજળીના ધાંધિયા જોવા મળ્યા હતા. વરસાદ ઓછો થશે તો ખેડૂતોના હજારો રૂપિયાના બિયારણ વાવ્યા હોય જે બગડી જવાની લોકને ડર છે ત્યારે જીઈબી અધિકારીને તાત્કાલિક ધોરણે ખેડૂતોને આઠ કલાક વીજળી આવે એવી ખેડૂતોની માંગણી કરી છે.

નવાગામ બામણબોર ગારીડા બામણબોર મોલડી ઝીંઝુડા વગેરે ગામ વિસ્તારની લાઇટ બંધ હોવાથી ખેડૂતો ચિંતામાં મુકાયા હતા.

# જામનગર રોડ પરની કરોડો રૂપિયાની કિંમતની સરકારી જમીન ખુલ્લી કરાવવા રેવન્યુ તંત્ર મેદાને

- **દબાણકર્તાઓને મામલતદારે નોટીસો ફટકારીઃ રાજકોટ સર્વે નં.૬૨૬ની મુલ્યવાન જમીનમાં નર્સરી, મકાનો, ચા-પાનની દુકાનો સહિતના દબાણો**




રાજકોટ, તા.૨૬ઃ તાજેતરમાં રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા શહેર અને જિલ્લાના તમામ મામલતદારોને સરકારી જમીનો ઉપરના દબાણો હટાવવા માટે સુચના આપેલ હતી. આ સુચનાના પગલે જિલ્લા કલેકટરના આદેશ અનુસાર મામલતદારો દ્વારા છેલ્લા કેટલાક સમયથી દબારકર્તાઓને નોટીનો ફટકારવા અને દબાણો ઉપર બુલડોઝર ફેરવી દેવાનો દોર શરૂ કરી દેવામાં આવેલ છે.

તાજેતરમાં જ રેવન્યુ તંત્રએ મોટા ડીમોલેશન હાથ ધરી કરોડો રૂપિયાની સરકારી જમીનો ખુલ્લી કરાવી દીધી હતી. દરમ્યાન હવે પશ્ચિમ મામલતદાર તંત્ર દ્વારા પણ રાજકોટ શહેરના જામનગર રોડ ઉપર રૂડા કચેરીથી આગળ કાઈમ બ્રાંચની નવી ઓફિસ પાસેના પ્રાઈમ લોકેશનમાં આવેલ કરોડો રૂપિયાની કિંમતની સરકારી જમીનો પરથી દબાણો હટાવવા કાર્યવાહી હાથ ધરી હોવાનું સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

આ અંગેની સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ રાજકોટની સર્વે નં.૬૨૬માં જામનગર રોડ પર આવેલ ખુબજ કિંમતી અને કરોડો રૂપિયાની કિંમતની સરકારી જમીનો ઉપર નર્સરી, મકાનો તથા ચા પાનની દુકાનો સહિતના ૨૫થી વધુ દબાણો ખડકાઈ ગયા છે. આ દબાણોનો સર્વે મામલતદાર તંત્રએ આજથી શરૂ કરેલ છે. અને આજરોજ નવ જેટલા દબાણકર્તાઓને દબાણો સ્વૈચ્છીક રીતે દુર કરવા માટે નોટીસો મામલતદારે ફટકારી છે. અને અન્ય દબારકર્તાઓને પણ નોટીસો ફટકારવાની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજુલાની મહિલા કોલેજ ખાતે મોબાઈલ એપ્લિકેશનનું લોન્ચિંગ કરાયું





રાજુલા, તા. ૨૭ઃ રાજુલા શહેરમાં આવેલ શ્રીમતિ એચ.બી.સંઘવી મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે કોલેજની મોબાઈલ એપ્લિકેશન લોન્ચિંગ સમારોહ યોજાયો હતો. સૌપ્રથમ પધારેલા મહેમાનોના વરદહસ્તે દિપ પ્રાગટય કરી કાર્યક્રમ શરૂ કરાયો હતો. તેમજ પધારેલા તમામ મહેમાનોનુ પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામા આવ્યું. જેમા કોલેજની મોબાઈલ એપ્લિકેશન લોન્ચિં કરવામા આવી હતી. આ એપ્લિકેશન લોન્ચિંગ થતાની સાથે વિદ્યાર્થીઓમાં ખૂબજ આનંદ જોવા મળ્યો હતો. આજે મહિલા કોલેજની સુવિધાઓમાં વધુ એક વધારો કરવામા આવ્યો છે. આ મોબાઈલ એપ્લિકેશનમાં વિદ્યાર્થીઓના વાલી-વિદ્યાર્થી, કોલેજની ઓનલાઈન સાથે તમામ માહિતીઓ મેળવી શકશે તેમજ એપ્લિકેશનમાં વિદ્યાર્થીઓની અભ્યાસને લાગતા તમામ મટીરીયલ્સ, હાજરી, ટેસ્ટ, અસાઈમેનટ સહિતની વિવિધ માહિતીઓ એપ્લિકેશન મારફતે મેળવી શકે તેવા હેતુથી એપ્લિકેશન લોન્ચિં કરાઇ છે.

ખાસ આ કાર્યક્રમમાં કોલેજના કેમ્પસ ડાયરેકટર ડો.જીજ્ઞેશભાઇ વાજાએ સુંદર રીતે કોલેજની ઓનલાઇન એપ્લિકેશનની તમામ માહિતીઓ વિદ્યાર્થી બહેનોને આપવામા આવી હતી. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન કૃપાબેન ધુમડીયા દ્વારા કરવામા આવેલ. આ તકે કોલેજના સેક્રેટરી બાલકૃષ્ણભાઇ ત્રિવેદી, કેમ્પસ મેનેજર રવીભાઇ વ્યાસ, કેમ્પસ ડાયરેકટર ડો. જીજ્ઞેશભાઇ વાજા, આચાર્ય ડો. રીટાબેન રાવળ, રાજુલા પોલીસ સ્ટેશનના મહિલા કોન્સ્ટેબલ ભારતીબેન પરમાર તથા હેતલબેન ધાખડા તેમજ કોલેજની વિદ્યાર્થીની બહેનો, સ્ટાફગણ સહિત પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યાં હતાં.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭



# ટીઆરપી ગેમઝોનના બાંધકામને તોડતુ રોકવા કોણે ભલામણ કરી હતી તેની તપાસ

## લોકોના રોજબરોજના કામોની ઉઘરાણી માટે પત્ર વ્યવહારની ફાઈલો બનાવવા સૂચના : નગરસેવકો 'આડીઅવળી' ભલામણ કરતા અચકાશે : બંને પાંખ વચ્ચેના વહીવટને પારદર્શક રાખવાનો હેતુ

- **લોકોના કામ - ભલામણો લેખિતમાં જ આપો : ભાજપે કોર્પોરેટરોના કાંડા બાંધ્યા!**
- **વચ્ચે શહેર પ્રમુખે ચૂંટાયેલા લોકોને પત્ર વ્યવહારની સલાહ આપી**

રાજકોટ, તા.૨૭ઃ શહેરના નાના મવા રોડ પર આવેલ ટીઆરપી ગેમઝોનમાં એક મહિના પહેલા લાગેલી આગની ઘટનાના પડઘા શાસકો સુધી પડયા છે ત્યારે આ પ્રકારના અનેક બાંધકામ, ધંધાદારી પ્રવૃત્તિ, સાચી અને ખોટી ભલામણો બદલ રાજકીય લોકો પર તડાપીટ બોલી રહી છે. તપાસનો રેલો ચૂંટાયેલા લોકો સુધી પણ પહોંચે તેમ છે ત્યારે શહેર ભાજપે કોર્પોરેટરો માટે એક નવી ગાઈડલાઈન જાહેર કરી છે. લોકોના કામ માટે જે તે ઝોનના સીટી ઈજનેર, ડે.કમિશ્નર અથવા કમિશ્નરને પત્ર લખીને જ કામ કરાવવાની સૂચના ભાજપ પ્રમુખ મુકેશ દોશીએ જાહેર કરીને તમામ ૬૮ નગરસેવકોને પત્ર લખી નાંખ્યા છે.

ગઈકાલે ભાજપ પ્રમુખે હાજર કોર્પોરેટરોને રૂબરૂ અને અન્ય કોર્પોરેટરોને મેસેજથી આ લેટર પહોંચાડયા છે જેમાં પત્ર વ્યવહારનો રેકોર્ડ ઉભો કરવા પણ જણાવ્યું છે. આ વ્યવસ્થા સફળ થાય તો કોઈ પણ કામમાં કોર્પોરેટરની ભલામણ છે કે નહીં, કામ યોગ્ય છે કે નહીં, જો કામ જરૂરી હોવા છતાં ઢીલમાં પડે તો તેનો પણ રેકોર્ડ રહે તેવી વ્યવસ્થા કાયમી ધોરણે લાગુ કરવા પક્ષની તૈયારી છે.

પ્રમુખે કોર્પોરેટરોને લખેલા પત્રમાં જણાવ્યું છે કે પ્રજાના કામો માટે તમારા લગત ઝોનમાં આવતા સીટી એન્જીનીયર અથવા નાયબ મ્યુનિ.કમિશ્નર અથવા કમિશ્નરને પત્ર લખીને કામ કરાવવાનો આગ્રહ રાખવો જેથી ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવેલ પત્ર વ્યવહારની નોંધ મહાપાલિકામાં રહેશે. આ પત્રની એક નકલ કોર્પોરેટરે પોતે પણ રાખવી જેનાથી ભવિષ્યમાં રેકોર્ડ ડેટાબેઝ તરીકે આ પત્ર કામ આવશે.

પ્રજાના નાના મોટા કામો, અન્ય નાની મોટી ભલામણોમાં અવારનવાર કોનું હિત છે તે સવાલ ઉઠતો રહે છે. ગેમઝોન અગ્નિકાંડની તપાસમાં સરકાર પણ કોની ભલામણ હતી તેની તપાસ કરાવી રહી છે. આથી હવે રોજિંદા કામો માટે પણ લેખિતમાં પત્ર વ્યવહાર કરવામાં આવે તો બધા માટે સારૂ રહેશે તેવું ઘણા લોકો કહી રહ્યા છે. એક તો પત્ર પર વિગત લેવાની હોય, કોર્પોરેટરો ન થઈ શકે તેવા કામની ભલામણ કરતા વિચાર કરશે. જો જરૂરી હોય તો પોતાની જવાબદારીએ કામ કરવા આગ્રહ કરશે.

વધુમાં જો અનિવાર્ય અને તાત્કાલીક કરવા જેવું કામ જો અધિકારી વિલંબમાં રાખે તો તારીખ સાથેનો રજુઆત અને ફરિયાદનો રેકોર્ડ રહેશે. આથી અધિકારીઓની જવાબદારી પણ ફિક્સ થશે. આ વ્યવસ્થાના કેટલા ફાયદા અને કેટલા નુકસાન તે તો સમય જ બતાવશે. કારણ કે ઘણા કોર્પોરેટર તો પ્રજાની ફરિયાદ પણ લેખિતમાં પહોંચાડે જ છે. છતાં તત્કાલ નિકાલ આવતા નથી.

વળી અમુક સામન્ય કામો માટે પણ અધિકારીઓ પત્રનો આગ્રહ રાખશે તો ત્યારે વિવાદ થવાની પણ શકયતા રહેશે. ખાસ કરીને ટીપી શાખાની કામગીરી વચ્ચે કરવામાં આવતી ભલામણો હવે કઈ રીતે થશે તે પ્રશ્ન છે. ગેરકાયદે બાંધકામની ફરિયાદ લેખિતમાં મળ્યા બાદ અધિકારી ફિક્સ થશે. તો અમુક વખત નજરે દેખાતા ગેરકાયદે બાંધકામ અંગે પણ અધિકારી લેખિત ફરિયાદ બાદ જ કાર્યવાહી કરશું તેવું કહી દેશે તો શું થશે તે સવાલ છે. આવી તમામ બાબતો આરોગ્ય, ફુડ, સફાઈ, ખાડાવાળી બાંધકામ શાખામાં પણ લાગુ પડશે.

**'ફરિયાદ લખીને આપો' : અધિકારીઓ હવે કોઈ જોખમ માથે લેવા માંગતા નથી**

ટીઆરપી ગેમ ઝોનમાં ગેરકાયદે બાંધકામનું ડીમોલીશન નહીં કરવા કોણે ભલામણ કરી હતી તેની તપાસ હજુ ચાલી રહી છે ત્યારે નવનિર્માણ પામેલી ટીપી સહિતની શાખાઓમાં હવે અનેક જરૂરી અને બિનજરૂરી સુચનાઓ, ભલામણોમાં અનેક અધિકારીઓ ચૂંટાયેલા લોકોથી માંડી રાજકીય પક્ષના હોદ્દેદારો અને કાર્યકરોને આવી કોઈ પણ ભલામણ લેખિતમાં આપવા જવાબ દેવા લાગ્યા છે.

આમ તો એકાદ મહિનાથી ચૂંટાયેલા લોકો, હોદ્દેદારો કોઈ આગ્રહભર્યા કામ માટે તંત્ર પર બહુ દબાણ કરતા નથી પરંતુ રોજબરોજના લોકોના કામ માટે ઉઘરાણી કરવી તો ચૂંટાયેલા લોકોનો અધિકાર છે. હવે અમુક કામમાં અધિકારીઓ કાંડા કાપીને આપી દેવા તૈયાર થતા નથી અને બહુ જરૂરી હોય તો લેખિતમાં સૂચના આપવા કહે છે. જે રીતે ચૂંટાયેલી પાંખને જવાબ આપવામાં આવે છે તે જ રીતે વિભાગના વડાઓ અને ઉચ્ચ અધિકારીઓ પાસે પણ લેખિતમાં સૂચના માંગવાની સલાહ કર્મચારીઓને મળી રહી છે.

આ સંજોગોમાં ટીપી સહિતની જે શાખાની રોજિંદી જવાબદારી છે તે ગેરકાયદે બાંધકામને નોટીસ આપવાથી માંડીને તોડવા સહિતની જવાબદારી તો અધિકારીઓ ઈમાનદારીથી નિભાવશે ને તેવો સવાલ શાસક પક્ષમાં પૂછાવા લાગ્યો છે. આવા અનેક કેસમાં ચૂંટાયેલા લોકો ભલામણ કરે છે પરંતુ ટીપીના અનેક અધિકારી અને કર્મચારી ભુતકાળમાં આવી નોટીસ આપીને શું ધંધો કરતા હતા તેની તપાસ સીટ પણ કરી રહી છે. આથી હવે આવી કામગીરીમાં કોના પર ભરોસો રાખવો તેની મોટી જવાબદારી ઉચ્ચ સત્તાધીશો પર આવી ગઈ છે.

# પ્રિ-મોન્સુન કામગીરી કેટલી સફળ? પાણીના તત્કાલ નિકાલ માટેનું આયોજન માંગતા કમિશ્નર

- પ્રથમ સામાન્ય વરસાદમાં જ અનેક રસ્તા જળબંબાકાર થતા રેડ ઝોન સહિતના પ્લાનિંગ અંગે અધિકારીઓ સાથે ચર્ચા
- માત્ર સીસીટીવી કેમેરાથી મોનીટરીંગ ગોઠવવામાં આવે તો પણ સાચુ ચિત્ર દેખાઇ જાય



રાજકોટ, તા. ૨૭: રાજકોટ શહેરમાં બે દિવસ પહેલા પડેલા માત્ર પોણા બે ઇંચ વરસાદમાં અનેક વિસ્તારોમાં જળબંબાકાર જેવી હાલત થઇ ગઇ હતી. હજુ તો ચોમાસાનો ભારે વરસાદ થયો નથી ત્યાં મનપાના પ્રિ-મોન્સુન પ્લાન અને ભુતકાળના રેડ, યેલો અને ગ્રીન ઝોનના વિભાજનની પણ પોલ ખુલી ગઇ છે. આ સંજોગોમાં નવનિયુકત કમિશ્નર દેવાંગ દેસાઇએ તાત્કાલીક પાણીના નિકાલ કરવા માટેનું પ્લાનીંગ તૈયાર રાખવા અને લાંબા ગાળાનું આયોજન વિચારી રાખવા અધિકારીઓને સૂચના આપી છે. આજે કમિશ્નરે આ મામલે ઇજનેરો સહિતના અધિકારીઓ સાથે મીટીંગ રાખી છે.

આજે કમિશ્નર દેવાંગ દેસાઇએ જણાવ્યું હતું કે બે દિવસમાં પડેલા વરસાદથી ઘણી જગ્યાએ પાણી ભરાયા હતા. દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રિ-મોન્સુન પ્લાન બનાવવામાં આવ્યો છે. ચાલુ વરસાદે ઘણી જગ્યાએ પાણી ભરાયા બાદ થોડા સમયમાં વિસરી જાય છે. પરંતુ ઘણી જગ્યાએ વધુ પાણી ભરાતું હોવાનું તેઓએ પણ જાણ્યું છે. આથી અત્યાર સુધીના આયોજન, તેની ઉપયોગીતા અને હવેના પ્લાનીંગ અંગે ઇજનેરો સાથે ચર્ચા કરવામાં આવશે. ૧૫૦ ફુટ રીંગ રોડ પર બ્રીજના ખુણા સહિતના ભાગમાં ભરાતા પાણીના નિકાલ અંગે પણ આયોજન કરવાનું છે.

થોડા વર્ષ પહેલા રાજકોટમાં જયાં સૌથી વધુ પાણી ભરાય છે તેવા વિસ્તારોને રેડ ઝોનમાં સામેલ કરવામાં આવ્યા હતા. આ સિવાયના વિસ્તારોને સ્થિતિ મુજબ યેલો અને ગ્રીન ઝોનમાં સામેલ કરવામાં આવ્યા છે. આ ઝોન મુજબ કઇ પ્રકારની કામગીરી થાય છે અને કયા સુધારાની જરૂર છે તે અંગે પણ કમિશ્નર ચર્ચા કરવાના છે. મહાનગરમાં છેલ્લા વર્ષોમાં રસ્તા પર ભરાતા વરસાદી પાણીના નિકાલ માટે સ્ટ્રોમ વોટર પાઇપલાઇન પાથરવા પણ કરોડોના ખર્ચ કરવામાં આવ્યા છે. પરંતુ ખર્ચના પ્રમાણમાં સમસ્યા ઘટી હોય તેવું લાગતું નથી. ઉલ્ટાનું આ વર્ષે માત્ર પોણા બે ઇંચ વરસાદમાં વધુ પાણી ભરાયાનું દેખાયું છે. આમ તો વરસાદી પાણી સૌથી વધુ કયાં ભરાય છે તેના રીપોર્ટ અપડેટ કરવાના બદલે એવોર્ડ વીનીંગ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરમાંથી સીસીટીવી કેમેરામાંથી મજબુત મોનીટરીંગ ગોઠવવામાં આવે તો પણ ઘણા પ્રશ્નો નજીકથી જોઇ શકાય છે. આમ પણ સીસીટીવીનો મોટા ભાગનો ઉપયોગ પોલીસ તંત્ર કરે છે. ગંદકી, દબાણ, જાહેરમાં થૂંકવા સહિતની પ્રવૃતિ રોકવા મનપા નેટવર્કનો કયારેક ઉપયોગ કરે છે. આથી ચોમાસામાં જે રીતે કંટ્રોલ રૂમ પર અધિકારીઓને ફરજ પર સોંપવા આવે છે તે રીતે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરમાં પણ ઇજનેરોની ટીમ બેસાડવામાં આવે તો પાણીના નિકાલ સાથે સમયે મદદ પણ પહોંચી શકે અને પ્રાથમિકતા પણ નકકી થઇ શકે તેવો મત છે.

કમિશ્નર વધુમાં એવું કહ્યું હતું કે કયા વિસ્તારમાં વધુ પાણી ભરાય છે તે ચેક કરાવીને જરૂર હોય ત્યાં પમ્પીંગ મશીનરી મુકવા માટે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે વિસ્તારોમાં વધુ પાણી ભરાતું હોય ત્યાં પાણીના નિકાલનું તાત્કાલીક આયોજન કમિશ્નર માંગશે. જયારે લાંબા ગાળાના આયોજન માટે ડીપીઆર તૈયાર કરવા વિશે પણ અધિકારીઓ સાથે ચર્ચા

# રાજકોટને તત્કાલ ચીફ ફાયર ઓફિસર આપો : સરકારને પત્ર લખતા કમિશ્નર

- એનઓસી સહિતની કાર્યવાહી માટે કોઇને ચાર્જ આપવા માર્ગદર્શન મંગાયું

રાજકોટ, તા. ૨૭: રાજકોટ મનપામાં વર્ગ-૧ના ચીફ ફાયર ઓફિસર વર્ગ-૨ના ડે.ચીફ ફાયર ઓફિસર બંનેની અગ્નિકાંડની ઘટનાના પગલે ધરપકડ થઇ ચૂકી છે અને સીએફઓ પણ ગમે ત્યારે સસ્પેન્ડ થાય તેમ છે ત્યારે મનપાને ફાયર એનઓસી સહિતની પ્રક્રિયા કરી શકે તેવા ફાયર ઓફિસર ડેપ્યુટેશન પર આપવા આજે સરકારને પત્ર લખવામાં આવ્યો છે તેવું કમિશ્નરે જણાવ્યું હતું. અગ્નિકાંડની તપાસમાં અગાઉ ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ભીખાભાઇ ઠેબા અને તે બાદ તાજેતરમાં ચીફ ફાયર ઓફિસર ઇલેશ ખેરની ધરપકડ કરીને રીમાન્ડ મેળવવામાં આવ્યા હતા. આ બાદ બંને અધિકારીને જેલહવાલે કરવામાં આવ્યા છે. વર્ગ-૨ના અધિકારીનો ચાર્જ વર્ગ-૩ના કર્મચારીને આપવામાં આવ્યો છે. હવે અન્ય કોઇ અધિકારી પોતાની સહીથી ફાયર એનઓસી ઇસ્યુ કરી શકે કે કેમ તે અંગે પણ સરકાર પાસે માર્ગદર્શન માંગવામાં આવ્યું છે. કોઇ અધિકારીને ચાર્જ આપવા પણ કમિશ્નરની તૈયારી છે. પરંતુ કોઇ પ્રશ્ન ઉભો ન થાય તેની પણ ખરાઇ કરવામાં આવી રહી છે.

એકંદરે રાજકોટમાં ફાયર એનઓસીને લગતી કામગીરી ન અટકે તેવી વ્યવસ્થા કરાવવા સરકારને વિનંતી કરાઇ છે.

# 'એડવોકેટ પ્રોટેકશન એકટ લાગુ કરો' રાજયના વિવિધ બાર એસો.ની માંગ

રાજકોટ તા.૨૭: 'એડવોકેટ પ્રોટેકશન એકટ' પસાર કરવાની તાત્કાલિક જરૂરિયાત અંગે ગુજરાત રાજયના જુદા જુદા બાર એસોસીએશન તરફથી સંયુકત રજુઆત કરવામાં આવી છે. જેમાં ગુજરાત હાઇકોર્ટ એડવોકેટ એસો. ના પ્રેસિડેન્ટ બ્રિજેશ ત્રિવેદી, સેક્રેટરી હાર્દિક બ્રહ્મભટ્ટ સહિતના હોદેદારોએ કલેકટર કચેરી ખાતે રજુઆત સાથેનો ઠરાવ આપ્યો હતો. જેમાં જણાવ્યું હતું કે રાજયમાં દોઢ લાખથી વધુ વકીલો કાર્યરત છે.

વકીલો પર હુમલાઓ અને અન્ય વકીલ વિરોધી હિંસક પ્રવૃતિઓમાં ખૂબ જ વધારો થયો છે અને આ પરીસ્થિતિઓને ધ્યાનમાં લઇને ગુજરાત એડવોકેટ ફાઉન્ડેશન માને છે કે રાજયમાં એક મજબૂત વકીલ સુરક્ષા અધિનિયમ પસાર કરવાની તાત્કાલિક જરૂર છે.

# વધુ એક પાણીકાપ ઝીંકાયોઃરાજકોટમાં ૨૮ જૂનનાં વોર્ડ નં-૧૧,૧૨ અને ૨૯ જૂને વોર્ડ નં-૭,૧૪,૧૭નાં અનેક વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રહેશે

રાજકોટ, તા. ૨૭: રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પૂરતું પાણી હોવા છતાં રીપેરીંગનાં બહાને અવારનવાર પાણીકાપ મુકાઈ રહ્યો છે. ત્યારે આગામી તારીખ ૨૮ અને ૨૯ જૂને વધુ એક પાણીકાપ ઝીંકવામાં આવ્યો છે. જેમાં ૨૮ જૂનનાં વોર્ડ નં.-૧૧,૧૨ અને ૨૯ જૂને વોર્ડ નં-૭,૧૪,૧૭નાં અનેક વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રહેશે. ૨૯ જૂને ગુરુકુળ હેડ વર્કસ હેઠળ આવતા વિસ્તારો વોર્ડ નં.૭, ૧૪, ૧૭નાં નારાયણનગર હેડવર્કસ હેઠળ આવતા વિસ્તારો તેમજ વોર્ડ નં.૧૮નાં સ્વાતીપાર્ક હેડવર્કસ હેઠળ આવતા વિસ્તારોમાં પાણી વિતરણ બંધ રહેશે.

**લીકેજ રીપેરીંગ કામગીરી હાથ ધરવાની છે**

મનપાનાં વોટર વર્કસ વિભાગના જણાવ્યા મુજબ ભાદર યોજના આધારીત ભાદર ડેમથી રીબડા ફિલ્ટર પ્લાન્ટ સુધીની પાઇપલાઈન ઘણી જૂની હોવાના કારણે લીકેજ રીપેરીંગ કામગીરી હાથ ધરવાની છે. ૨૮ જૂન શુક્રવારના રોજ વાવડી હેડવર્કસ હેઠળ આવતા વિસ્તારો (વોર્ડ-૧૧ (પાર્ટ),૧૨(પાર્ટ)) તથા ૨૯ જૂને શનીવારનાં રોજ ગુરુકુળ હેડ વર્કસ હેઠળ આવતા વિસ્તારો પૈકીના ઢેબર રોડના (વોર્ડ નં.૭ પાર્ટ,૧૪ પાર્ટ,૧૭ પાર્ટ), નારાયણનગર હેડ વર્કસ હેઠળ આવતા વિસ્તારો (વોર્ડ નં.૧૮(પાર્ટ)) તથા સ્વાતીપાર્ક હેડવર્કસ હેઠળ આવતા વિસ્તારો (વોર્ડ -૧૮ (પાર્ટ))માં પાણી વિતરણ બંધ રહેશે.



૨૯ જૂન શનિવારનાં રોજ ગુરુકુળ આધારિત ઢેબર રોડ સાઈડનાં આધારિત વિસ્તારો વોર્ડ-૭ પાર્ટ ભક્તિનગર પ્લોટ, વિજય પ્લોટ, ગોંડલ રોડ, ઢેબર રોડ, લોહાનગર, ઉદ્યોગ નગર તથા વિગેરે. તેમજ વોર્ડ-૧૪ પાર્ટ વાણીયા વાડી, ગાયત્રીનગર, ગોપાલનગર, ગીતાનગર, ભક્તિ નગર, ઢોલરીયાનગર, શ્રમજીવી સોસાયટી, કોઠારીયા કોલોની (પાર્ટ), માસ્ટર સોસાયટી (પાર્ટ), મીલપરા (પાર્ટ), મયુર પાર્ક, પુજારા પ્લોટ (પાર્ટ), આનંદનગર (પાર્ટ), મધુરમ પાર્ક, ગુલાબ નગર, અમૃત પાર્ક, જ્યારે વોર્ડ નં ૧૭-પાર્ટનાં નારાયણ નગર ભાગ-૧,૨, નારાયણ નગર મફતિયું, ઢેબર કોલોની ભાગ-૧,૨,૩, હસનવાડી ભાગ ૧,૨ વાલકેશ્વર સોસાયટી, શ્રીનગર, સાધના સોસાયટી, ઇન્દીરાનગર ૧,૨ મેઘાણીનગર, ન્યુ મેઘાણીનગર, આશીર્વાદ સોસાયટી, ગુરુજન સોસાયટી, ગીતાંજલી સોસાયટી, અવંતિકા સોસાયટી, આનંદનગર ગાયત્રી બગીચાવાળા ભાગમાં પાણી વિતરણ થશે નહીં. આ ઉપરાંત નારાયણનગર આધારિત વિસ્તારો વોર્ડ-૧૮ પાર્ટ ખોડીયારનગર, હીંગળાજનગર, હરીદ્વાર-૧-૨, ગુજરાત હાઉસીંગ બોર્ડ, નારાયણનગર, ચંદ્રેશનગર, મચ્છોનગર, નુરાનીપરા, દોલતપરા, નાગબાઈ પરા, શિવમ ખાડો, શીતળાધાર, રેઈલવે બોર્ડ ક્વાટર્સ, શુભમપાર્ક, સીતારામ સોસાયટી, સોલ્વંટ ક્વાટર્સ, અને સ્વાતીપાર્ક હેડ વર્ક્સ આધારિત વિસ્તારો વોર્ડ ૧૮ પાર્ટ ગુલાબનગર,સોમનાથ ઇંડસ્ટ્રીઝ, ઇશ્વરપાર્ક, શ્રદ્ધાપાર્ક, શિવપાર્ક, મંગલપાર્ક, રાધાપાર્ક,આદર્શપાર્ક, શ્યામપાર્ક, રામેશ્વર રેસીડેંસી, રેઇનબો રેસીડેંસી, જયપાર્ક, શિવ સાગરપાર્ક, સુરભી રેસીડેંસી, જયરામપાર્ક, મયુર પાર્ક, સિલ્વર રેસીડેંસી, ખોડલધામ, સુરભી રેસીડેંસી, શ્યામકિરણ સોસાયટી, આદર્શ ગ્રીન, આદર્શ શિવાલય, આદર્શ શિવાલય-૨, સનપાર્ક, પ્રમુખરાજ સોસાયટી, ગધાધરપાર્ક, શિવ સાગર પાર્ક, શ્રી રામવાટીકા, ગોલ્ડન રેસીડેંસી, સત્યમપાર્ક, સુંદરમપાર્ક, નવું રાધેશ્યામ પાર્ક, આસોપાલવ વાટીકામાં પાણી વિતરણ બંધ રહેશે.

# અગ્નિકાંડના ૨૭ મૃતકોનો પરિવાર થશે 'એક': એસોસિએશન બનાવી પીડિત પરિવારો કાનૂની લડત લડવા મેદાને ઉતરશે

રાજકોટ, તા. ૨૭: રાજકોટ ઝક્કઝ ગેમઝોન દુર્ઘટનામાં ૨૭ લોકોના મૃત્યુ નીપજ્યા બાદ હવે ભોગ બનનાર પરિવારો એસોસિએશન બનાવીને કાનૂની લડત લડવા તૈયારીઓ શરૂ કરી દીધી છે. મોરબીમાં થયેલ ઝૂલતા પુલની બ્રિજ દુર્ઘટનામાં જેમ પીડિત પરિવારોએ એક થઈને લડત આપી તેમ હવે રાજકોટના પીડિત પરિવારો વતી વકીલ નિઃશુલ્ક કેસ લડીને પરિવારોને મદદરૂપ થશે.

રાજકોટના નાના મવા રોડ પર મોકાજી સર્કલ પાસે આવેલ ઝક્કઝ ગેમઝોનમાં ગત ૨૫ મેના રોજ લાગેલી ભીષણ આગમાં ૨૭ લોકોના મોત થયા છે ત્યારે મોરબી ઝૂલતા પુલ દુર્ઘટનાના પીડિત પરિવારોની જેમ રાજકોટ અગ્નિકાંડના પીડિત પરિવારો એક બની કાનૂની લડત લડવા તૈયારીઓ શરૂ કરી છે. બધા લોકો સાથે મળી એક યુનિયનમાં જોડાઇ વકીલાતનામામાં સહી કરશે, જેમાં પીડિત પરિવારો વતી વકીલ નરેન્દ્રસિંહ જાડેજા નિઃશુલ્ક કેસ લડવાના છે. પ્રયત્નો એવા છે કે, કેસ ઝડપથી ચાલે અને હવે સરકાર નિર્મિત જંજ઼ સાથે પીડિત પરિવારો કાનૂની લડત લડી આરોપીઓને સખત સજા થાય એવા પ્રયાસો કરશે..

**તપાસમાં કોઈ ત્રુટિ રહેશે તો પૂરી કરવા અમે આગળ વધીશું**

એડવોકેટ નરેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, તમામ પીડિત પરિવારોને સાથે રાખી સંગઠિત કરવામાં આવશે બધાને સાથે રાખીને લડત ચલાવવામાં આવશે, જેમાં હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી લડત ચલાવવા અમારી તૈયારી છે. હાલ ૧૦ જેટલા પરિવારજનો સંગઠિત થયા છે અને તેઓ એસોશિએશનમાં જોડાવવા તૈયાર છે જયારે બાકીના લોકો પણ તેમની સાથે જોડાઈ તે માટે કાર્યવાહી હાથ ધરી છે.

હાલ પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે, અમે પોલીસ તપાસને કોઈ ખલેલ પહોંચાડવાના નથી પરંતુ, પોલીસ તપાસમાં કોઈ ત્રુટિ રહી જશે તો તેને પૂરી કરવા અમે આગળ વધીશું.

કોઈપણ ગુનેગાર છટકી ન શકે અને તેનો બચાવ ન થાય તે માટે અમે આગળ વધીશું.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, અગ્નિકાંડ બાદ એક તસ્વીર સામે આવી, જેમાં IAS-IPS એ જગ્યા પર ગયા હોવાનું દેખાઈ રહ્યું છે. આ અધિકારીઓને એ જગ્યા વિશે માહિતી હોઈ શકે છે ન હોય તો તેઓએ ધ્યાન દોરવું જોઈએ.

જે જરૂરિયાત હોય તે ઉપલબ્ધ ન હોય તો તેને નોટિસ આપી આ કામ પહેલા કરાવવું જોઈએ. ફાયર સેફ્ટી મામલે તેમને ધ્યાન આપી નોટિસ પાઠવી કામ કરાવ્યું હોત તો કદ આજે ૨૭ લોકોના જીવ બચી શક્યા હોત.

# RMCના વધુ એક અધિકારી સસ્પેન્ડઃ ચીફ ફાયર ઓફિસર ખેર જેલહવાલે થતા કમિશનરે સસ્પેન્ડ કર્યા

## અગાઉ મનપાના ૭ અધિકારીઓ અને ૨ ડઈ થયા છે સસ્પેન્ડ

રાજકોટ, તા. ૨૭ઃ રાજકોટના ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં ધરપકડ થયેલા વધુ એક અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેર સામે ગુનો નોંધી ધરપકડ થયાના ૪૮ કલાક પૂરા થતા ઈલેશ ખેરને ગઈકાલે જેલ હવાલે કરવામાં આવતા મનપા કમિશનર દ્વારા પોલીસ રિપોર્ટના આધારે આજે તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

રાજકોટ મહાનગર પાલિકાના કમિશનર ડી.પી.દેસાઈ દ્વારા આજે મનપાના ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેરને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ અગાઉ રાજકોટ મનપાના તત્કાલીન ટી.પી.ઓ. મનસુખ સાગઠીયા, એ.ટી.પી. મુકેશ મકવાણા, રાજેશ મકવાણા, જયદીપ ચૌધરી, રોહિત વિગોરા, ભીખા ઠેબા, ગૌતમ જોશી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. રાજકોટ મનપાની ફાયર શાખામાં ચીફ ફાયર ઓફિસર તરીકે ફરજ બજાવતા ઈલેશ ખેરને ગેમઝોન અગ્નિકાંડ બાદ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અટકાયત કરી પૂછપરછ કરવામાં આવી હતી અને મુખ્ય જજીસ ટીમના રિપોર્ટ બાદ ધરપકડ થતા બે દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા. જે પૂર્ણ થતા ગઈકાલે જેલ હવાલે કરવામાં આવ્યા છે..

ઈલેશ ખેરની સાથે મનપાના ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ભીખા ઠેબાની પણ ધરપકડ કરવામાં આવી હતી. જેઓને પણ જેલ હવાલે કરવામાં આવ્યા છે તેઓ સામે અગાઉ એસીબીમાં અપ્રમાણસર મિલ્કત મામલે ફરિયાદ દાખલ થતા તેમની સામે સસપેન્શનની કાર્યવાહી કરવામાં આવી હતી.

**અપ્રમાણસરની મિલકતો મળી આવી**

ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર બી.જે. ઠેબાની ૧ એપ્રિલ, ૨૦૧૨થી ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધીની તપાસ કરવામાં આવતા એ.સી.બી.ને રૂ. ૭૯,૯૪,૧૫૩ની અપ્રમાણસરની મિલકતો મળી આવી હતી. આ રકમમાંથી તેમના આશ્રિતોના નામે મકાન, દુકાન ખેતીની જમીનોમાં રોકાણ થયા હોવાનું પોલીસે તપાસ બાદ જાહેર કર્યું હતું..

રાજકોટ, તા. ૨૭ઃ રાજકોટ મહાનગરપાલિકાની ફૂડ શાખા અલગ અલગ સ્થળોએથી જે નમૂના લે અને તે પૈકી જે સેમ્પલ સબસ્ટાન્ડર્ડ કે મિસ બ્રાન્ડ તરીકે ફેલ થાય તેનો કેસ એજ્યુડિકેટિંગ ઓફિસર અને અધિક કલેક્ટરની કોર્ટમાં ચાલે છે. જે પૈકી બે કેસમાં અધિક કલેક્ટરે ૬.૫ લાખનો દંડ ફટકાર્યો છે.

રાજકોટ મનપાની ફૂડ શાખાએ થોડા મહિના પહેલાં રાત્રીના સમયે પનીર ભરેલો મિનિ ટેમ્પો પકડ્યો હતો જેમાંથી પનીરના નમૂના લેવાતા તેમાં વેજિટેબલ ઓઈલની ભેળસેળ ખૂલી હતી. આ મામલે કેસ દાખલ થયા બાદ અધિક કલેક્ટરે પનીર વેચનાર ઈમ્તિયાઝ જુમા કાણિયાને ૫ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. તેણે આ પનીરનો જથ્થો ભાવનગરથી લાવ્યાની કબૂલાત આપી હતી જે મામલે ગાંધીનગર વડી કચેરીએથી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બીજી તરફ રાજકોટ શહેરમાં વર્ષો જૂની પેઢી ઈશ્વરભાઈ ઘૂઘરાવાળા કે જે પ્રીમિયમ ભાવ લઈને ઘૂઘરા વેચે છે તેના ઉત્પાદન સ્થળ હાથીખાના શેરી નં.૩, રામનાથ કૃપામાં મનપાએ તપાસ કરતા ઘણી ગંદકી જોવા મળી હતી. આ ઉપરાંત ત્યાંથી મીઠી ચટણીનો નમૂનો લેવાતા તેમાં પ્રતિબંધિત સિન્થેટિક ફૂડ કલરની હાજરી મળી હતી. જેનો કેસ ચાલી જતા અધિક કલેક્ટરે ૧.૫૦ લાખ રૂપિયાનો દંડ પેઢીના માલિક ઈશ્વર લાલજી કાકુને ફટકાર્યો છે.

ચોમાસું આવતા હવે પાણીજન્ય સહિતના અનેક પ્રકારના રોગચાળા ફેલાવાની શક્યતા છે જેને લઈને મનપાની ફૂડ શાખાએ પાણીપૂરી, પંજાબી અને ચાઈનીઝ વેચતા એકમોની તપાસ શરૂ કરી છે. જેના ભાગરૂપે એ.જી. ચોકમાં આવેલા હોકર્સ ઝોનમાં અલગ અલગ ધંધાર્થીઓની તપાસ કરતા ૪૪ કિલો જેટલો અખાદ્ય પદાર્થ મળી આવતાનાશકર્યોછે.

# આજથી અમરનાથ યાત્રીઓ માટે તાત્કાલિક નોંધણી, ટોકન સહિતની પ્રક્રિયા શરૂ કરાઈ



નવી દિલ્હી, તા.૨૬

અમરનાથ યાત્રા પર આવનાર બાબા બર્ફાનીના ભક્તો માટે જમ્મુ તૈયાર છે. તત્કાલ નોંધણીની સુવિધા ૨૬ જૂનથી ઉપલબ્ધ થશે. આ માટે શહેરમાં અલગ-અલગ સ્થળોએ પાંચ સેન્ટર બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત ટોકન સેન્ટર બનાવવામાં આવ્યું છે. આજથી ટોકન આપવામાં આવશે. ટોકન લેનાર યાત્રાળુઓને બીજા દિવસે એટલે કે ગુરુવારથી તાત્કાલિક નોંધણીની સુવિધા ઉપલબ્ધ થશે. મુસાફરોની નોંધણી માત્ર નિર્ધારિત રૂટ અને તારીખ અનુસાર જ કરવામાં આવશે.

રજીસ્ટ્રેશન અને ટોકન સેન્ટર પર આવતા મુસાફરોને દરેક પ્રકારની સુવિધા ઉપલબ્ધ રહેશે. એડીસી શિશિર ગુપ્તાએ સોમવારે તમામ કેન્દ્રોની મુલાકાત લીધી હતી અને મુસાફરોને આપવામાં આવતી સુવિધાઓની ચકાસણી કરી હતી. સરસ્વતી ધામ, જમ્મુ રેલ્વે સ્ટેશન પાસે પ્રવાસ માટે ભક્તોને ટોકન મળશે. આ પછી, કેન્દ્ર પર ભક્તોની તબીબી તપાસ કરવામાં આવશે. ભક્તો સરકારી હોસ્પિટલ ગાંધી નગર, સરકારી હોસ્પિટલ સરવલ વગેરેમાં પણ ટેસ્ટ કરાવી શકે છે.ટોકન મળ્યા પછી, ભક્તોએ નોંધણી કરાવવા માટે નોંધણી કેન્દ્ર પર જવું પડશે. સાધુ સમાજ માટે નોંધણી કેન્દ્ર રામ મંદિર અને ગીતા ભવન છે. સામાન્ય ભક્તો માટે વૈષ્ણી ધામ, પંચાયત ભવન, મહાજન હોલ છે. જ્યારે છત્રઈઈ અને ઊંઢઈ કેન્દ્રો રેલવે સ્ટેશન અને બેઝ કેમ્પ ભગવતી નગરમાં હશે. બાબા અમરનાથના ભક્તો માટે બેઝ કેમ્પ બાલતાલમાં ૧૦૦ બેડની હોસ્પિટલ શરૂ થઈ છે. મંગળવારે લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ તેનું ઉદ્ઘાટન કર્યું હતું. વાર્ષિક અમરનાથ યાત્રા ૨૯ જૂનથી શરૂ થવા જઈ રહી છે. આ માટે ૨૮ જૂન, શુક્રવારે જમ્મુ શહેરના ભગવતી નગર બેઝ કેમ્પથી તીર્થયાત્રીઓનું એક જૂથ કાશ્મીર ખીણ માટે રવાના થશે.

# પંજાબમાં બે ત્રાસવાદી ઘુસ્યા પઠાણકોટ - ગુરૂદ્વારા તથા તમામ હાઈવે પર હાઈએલર્ટ

## હથિયારોથી સજ્જ ત્રાસવાદીઓએ બંદૂકના નાળચે ગ્રામજનો પાસે ભોજન બનાવડાવ્યું

પઠાણકોટ, તા.૨૬

પંજાબના સરહદી જિલ્લા ગુરદાસપુર અને પઠાણકોટમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પોલીસ દ્વારા દાવોકરવામાં આવી રહ્યો છે કે, તેમને બે શંકાસ્પદ આતંકવાદીઓ ઘૂસી આવ્યા હોવાની માહિતી મળી છે. આ લોકો પઠાણકોટમાં ઘૂસ્યા છે.

આંતરરાષ્ટ્રીય સરહદ પાસે સ્થિત ગામ કોટ બાઠિયાંના એક ગ્રામીણે કંટ્રોલ રૂમને જાણ કરી હતી કે મેં મારા ફાર્મ હાઉસ પાસેથી ચહેરા ઢાંકેલા બે લોકોને પસાર થતા જોયા છે. બંને ભારે હથિયારોથી સજ્જ હતા.

ગ્રામીણે પોલીસને કહ્યું કે, તેઓએ મને બંદૂક બતાવીને ડિનર તૈયાર કરવામાં માટે કહ્યું. રાત્રિભોજન કર્યા બાદ તેઓ ઘરની બહાર નીકળી ગયા અને પઠાણકોટ તરફ આગળ વધ્યા હતા.


આ મામલે માહિતી મળ્યા બાદ પઠાણકોટના એસએસપી સુહૈલ કાસિમ મીરે તાત્કાલિક વરિષ્ઠ અધિકારીઓની બેઠક બોલાવી હતી. આ ઉપરાંત ગુરદાસપુરમાં પણ વહીવટી તંત્રએ બેઠક કરીને સ્થિતિનો તાગ મેળવ્યો હતો.

જિલ્લા એસપી હરીશ દાયમાએ પોલીસ લાઈન્સમાં તમામ પોલીસ સ્ટેશનના પ્રમુખોની બેઠક બોલાવી હતી. ગુરદાસપુરના તમામ રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેન્ડ પર ટેસ્ટિંગ સઘન તપાસ હાથ ધરાઈ છે. આ ઉપરાંત ગુરદાસપુર, ધારીવાલ, દીનાનગરમાં પણ કડકાઈ દાખવવામાં આવી રહી છે.

ગુરદાસપુર-પઠાણકોટ-જમ્મુ નેશનલ હાઈવે પર પણ પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત છે. વાહનો પર નજર રાખવામાં આવી રહી છે. બટાલા પોલીસને પણ એલર્ટ કરી દેવામાં આવી છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Daily Morning Newspaper











ડિજિટલ ભારતની સાથે
તમે પણ બનો ડિજિટલ...

તમારા ધંધા-વેપારની
જાહેરાત 'સામના મિરર'માં
આપી આપના
વ્યવસાયને પહોંચાડો
લાખો વાંચકો સુધી...

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા
વોટ્સએપ પર
Hi લખીને મોકલો
98983 17826
અને જોડાઇ જાવ અમારી સાથે...